R.N.I.No. : 11555 / 1966
Vol No. 64 - Issue No. 10
1
Total - 36 Pages

# જ્યોતિપુંજ

# JYOTI PUNJ

Price Rs. 1/-
January - 2021




## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

સંચાલિત

શ્રી રસિકલાલ સાંકરલાલ કડકીઆ તથા
શ્રીમતી લીલાબેન રસીકલાલ કડકીઆ (રેણાવાળા)
હસ્તે : શ્રી શૈલેષભાઈ, ડૉ. શ્રી અતુલભાઈ, શ્રી ઈલેશભાઈ

પુરસ્કૃત

## ''ઉપનગર વિભાગ''

દ્વારા

સંસ્થાને રૂા. ૧૧,૧૧,૧૧૧/- નું માતબર દાન પ્રાપ્ત થયેલ છે.
સંસ્થા રેણાવાળા પરિવારનો આભાર માને છે.

**મંત્રી - ભાવેશ મોદી** **પ્રમુખ - સૌમિલ મોદી**

legrand
LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTOR STOCKIST
matchwell ELECTRIC COMPANY

COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

WHY LEGRAND AT MATCHWELL

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

legrand Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | DLP - LCS² |
| BRITZY | LYNCUS™ |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

Why 1st Choice ?

* Energy Distribution upto 6300A
* Control and Command
* Voice Data Images
* Active International Presence.
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand

MATCHWELL ELECTRIC COMPANY
HINDUSTAN TAPEX COMPANY

ADMINISTATIVE SHOP : Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE : 66336766/ 22080067/ 22063916. TALLKFREE :- 022-39567272 /373
E-mail : matchwellelectric@gmail.com / finematch@hotmail.com

DISPLAY SHOWROOM : Shop-8, Muljijetha CHS Ltd. 191-Princess street, Marine Lines (E), MUMBAI – 400 002
PHONE : 022-39567627/ 022-49764924/ Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644).
E-mail : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 9320331333).

legrand · BCH · LUKER (J.V. LUKER - USA) · steelgrip PVC ELECTRICAL INSULATION TAPE
Pidilite · WD-40 · M-seal · KERAKOLL ADHESIVES · WONDER TAPES

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૪ | ૧૧ | ૨૧-૦૨-૨૦૨૧ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

**બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી) (જુનાગઢવાળા)**

**જતીન દેસાઈ / પ્રશાંત પરીખ**

**તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ**

**નિલેશ દેસાઈ**

પત્રવ્યવહારનું સરનામું

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**

ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાળા)**

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
Visit us at www.balasinor.org


# તેજપુંજ - ઑરા

તંત્રી સ્થાનેથી

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

સર્વ દેવી-દેવતાના ચિત્રમાં તેમના મસ્તિષ્કની પાછળ ગોળાકાર આભામંડળ-તેજપુંજ દર્શાવેલું હોય છે. જેમ ઈશ્વરની ઓરા હોય છે. તેમ સમગ્ર માનવજાતિ-પશુ-પક્ષી-જીવજંતુ સર્વની એક ઑરા હોય છે.

ઑરા-તેજપુંજ એટલે આપણાં પોતાના સારા-ખરાબ વિચાર, જે આપણી આસપાસ આભામંડળ રચે છે. આપણા સારા-નરસા વિચારની અસરથી શુભ-અશુભ તરંગો આપણા શરીરની આસપાસ રચાય છે.

વર્તમાન સમયમાં માનવનું મનોબળ દુર્બળ હોવાથી દુઃખ, રોગ, શોક, નિરાશાથી માનવ ઘેરાયેલો દેખાય છે. દુઃખ માત્રનું કારણ અજ્ઞાનતા, હલકા અને ખરાબ વિચારો છે. મનોમંદિર વિકારી બને છે. જેથી આત્મજ્યોત વિચલિત થઈને અજ્ઞાન-અંધકારથી મલિન થાય છે. જ્યારે સારા વિચાર કરવાની મનોવિકારો દૂર થઈને મનોમંદિર સ્વચ્છ અને પ્રકાશમય બને છે. આપણી ભાવના જેટલી દ્રઢ હશે, વિશ્વાસ હશે એટલી જ શીઘ્રતાથી તે શરીર પર પ્રભાવ પાડશે.

ઈન્દ્રિય, મન અને બુદ્ધિ વડે જ વ્યક્તિને ઓળખી શકાય છે. વ્યક્તિના વિચાર વડે વિચારનાં પરમાણુઓ અવકાશમાં ફેલાય છે, ભીતર આવે છે, તેની આકૃતિઓ સમસ્ત શરીરની આસપાસ, વાતાવરણમાં અને ઘણી વખત સમગ્ર આકાશમાં ફેલાઈ જાય છે. આ આપણા શરીરની આસપાસનો પ્રાણાયમ કોષ છે. આ આભામંડળ Negative, Positive ઊર્જા છે જે આપણા વિચારોનું પરિણામ છે. જેટલી ઑરા Positive તેટલી વ્યક્તિ પ્રભાવશાળી. આ તેજપુંજ જેટલું શુધ્ધ અને અખંડિત, એટલી જ બહારની Negativity તેને અસર ન કરે. Positive આભા ને લીધે જ વ્યક્તિ વધારે

I.S.W.P.
BHS

Mr. BHARAT K. DOSHI
98210 27136

ISWP

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS, ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9281, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

"Leads you to The Quality Era"

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in
BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin
Square D
Telemecanique
CONZERV® Smart Energy Management
MEHER
LEIPOLD
CLIPSAL®
DIGILINK®
APC® by Schneider Electric
LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

સ્ફૂર્તિદાયક રહે છે અને શરીરનો ઘસારો સાવ ધીમો પડી જાય છે. વ્યક્તિત્વ વિકાસ માટે ઑરા ખૂબ જ મદદરૂપ થાય છે.

આપણી આસપાસ રચાતું આભામંડળ વિવિધ રંગોથી સભર હોય છે. આ આભામંડળની અસર આપણા સમગ્ર શરીર, મન, નાડીતંત્ર, શરીરના ચક્રો પર પડે છે. ધ્યાન દ્વારા આભામંડળના રંગો બદલી શરીર અને મનને શાંત, સ્વસ્થ અને રોગમુક્ત કરી શકાય છે. તેનો આધાર પ્રત્યેક વ્યક્તિની શારીરિક, માનસિક અને ભાવનાત્મક લાગણીઓ જ છે.

આભામંડળ અને ધ્યાન-ચિકિત્સાના પ્રકરણમાં હિનલબેન સમજાવે છે કે, મનુષ્યનું કોઈપણ અંગ રોગગ્રસ્ત થાય છે ત્યારે તેના રાસાયણિક દ્રવ્યોની સાથે તેનાં રંગોનું પણ અસમતોલન થાય છે. રંગચિકિત્સાથી રંગોમાં સમતોલન આવે છે. આ ધ્યાનથી પણ શક્ય બને છે. દરેક રંગોની ઉષ્ણતા અલગ અલગ હોય છે. દા.ત. લાલ રંગ ગરમ છે, જ્યારે ભૂરો રંગ ઠંડો છે. રંગ એ શરીરનું સ્વાભાવિક ભોજન છે, તેથી તેનાથી રોગનિવારણ થાય છે.

**રંગ અને તેના ઉપયોગ :**

**(૧) લાલ રંગ :–** આ અગ્નિ તત્ત્વ છે. તે નાડીતંત્રને અને લોહીને સક્રિય બનાવે છે. લાલ કિરણો લિવર અને માંસપેશીઓ માટે લાભયાદી છે.

**(૨) પીળો રંગ :–** આ રંગ લાલ કરતાં વધુ શક્તિ ધરાવે છે, તે બુદ્ધિ અને દર્શનનો રંગ છે. તેનાથી માનસિક નબળાઈ દૂર થાય છે અને વ્યક્તિ બુદ્ધિમાન બને છે, યાદશક્તિ સતેજ થાય છે, જ્ઞાનતંતુઓને સતેજ કરે છે.

**(૩) નારંગી રંગ :–** આ રંગ બરોળ અને પેનક્રિયાસ ને સક્રિય બનાવે છે.

**(૪) લીલો રંગ :–** આ રંગ પ્રસન્નતાનો સૂચક છે. જેમ કે હરિયાળીને જોતાં જ માનસિક શાંતિ અને પ્રસન્નતાનો અનુભવ થાય છે. શરીરનાં સ્વસ્થ્ય માટે આ રંગ ઉપયોગી છે. તે લોહીનાં દબાણ અને તનાવને દૂર કરે છે. માણસમાં ભાવનાત્મક ગરબડ થાય ત્યારે આ રંગથી ફાયદો થાય છે.

**(૫) નીલો રંગ :–** આ રંગ ધ્યાન અને આધ્યાત્મનો સૂચક છે. તે મનને શાંત કરે છે.

**(૬) વાદળી રંગ :-** આ રંગ શક્તિ અને પ્રસન્નતાનો છે. આ રંગ ચેતનાને એટલા ઊંચાં સ્તર સુધી લઈ જાય છે કે તેને શરીરનું ભાન પણ રહેતું નથી.

**(૭) જાંબલી રંગ :-** બધા જ રંગો કરતાં આ રંગમાં વધારે શક્તિ છે. મગજને પોષણ આપનાર રંગ છે.

છેલ્લાં ઘણા વર્ષથી એવા કેમેરાની શોધ થઈ છે કે આભામંડળ પ્રત્યક્ષ દેખાય. તેમાં થતા ફેરફારો પણ દેખાય અને તેનાં ફોટા પણ પાડી શકાય છે. ✣✣✣


**Yoga By Bankim Parikh**

**ONLINE YOGA SESSIONS**

**CONNECT WITH YOUR SOUL**

- Pranayam
- Aasanas
- Power Yoga
- Surya Namaskar
- Stretching
- Other Kriyas
- Meditation
- Relaxation & Shavasan
- Knowledge Sharing



**Batch 1** : Mon to Fri - 7 am to 8 am
**Batch 2** : Mon - Wed - Fri - 4.30 pm to 5.30 pm

**Bankim : 9820434322**
**Shachi : 8097779825**

**RELEASE YOUR MIND AND BODY**

# A Family Entertainment
## –for all age groups

*Colours of Entertainment*

# The Gold Club

**- WHERE MEMBERSHIP IS PRIDE**

**Membership Fees :** Rs. 5,000/- per head. Kids between 5 to 11 years Rs. 2,500/-
(8 programs - with food in all : Regular, Jain, Diabetic, Chauviar)
All programs on Sat. Sun. & Bank Holidays only.

---

**INAUGURAL PROGRAMME - MESMERIZING BURMANS (S.D. & R.D.)**
Hit songs with 5 popular singers and 25 plus musicians at Nehru Auditorium
**Date to be declared as per State Government Notification**

2 - DJ along with exotic ambience, variety entertainment & fabulous spread of food.

3 - **Latest Hindi Movie** at a popular theater in town will steal your hearts.

4 - **Fashion Show** will take you to dazzling heights.

5 - **1 Day Picnic at a Popular Resort** - **FREE to & fro AC bus services.**

6 - **Dandiya Raas** at exotic venue will boost your spirits.

7 - **Rajasthani Mela** with **dance, music,food, games, etc. - an unique concept.**

8 - **Musical Antakshari** at **Tata Theatre NCPA.** with a newly introduced concept.

**647 MEMBERS HAVE ALREADY JOINED US**

| President | Founder Member's (Balasinorites) | | |
|---|---|---|---|
| **CA Pradip R. Kapadia** | **ADV Dharmesh B. Kadakia** | **DR. Kiran M. Shah** | **CEO Mayank N. Kadakia** |
| 9821029082 | 9867366266 | 9821045810 | 9833892144 |

## We are proud of 112 BALASINORITES who have joined THE GOLD CLUB

| | | | | | |
|---|---|---|---|---|---|
| **Aalok Mehta** | Daksha U. Shah | **Jitendra Parekh** | Neela Kadakia | Dr. Prit K. Shah | **Shivani Kadakia** |
| **Alka K. Shah** | Damini J. Parekh | Jyoti Bhatt | **Nikhil Kacheria** | **Priti A. Dharia** | Shobha Kadakia |
| Ami Dharia | Deepika Parikh | Kamlesh Modi | Nilesh Parikh | Rajendra Parikh | Shweta P. Shah |
| Amit N. Dharia | L. Dilip Parikh | Ketaki Shah | Nimesh K. Desai | Rajesh Parikh | Smita H. Kadakia |
| L. Amit R. Dharia | Dipti Parikh | L. Kishor Kadakia | Nisha N. Kadakia | **Raksha Mody** | **Smita S. Mody** |
| Anoopa Kadakia | Dr. Darshana Gandhi | **Kritarth Kadakia** | Nita K. Modi | Rekha Desai | Smita P. Parikh |
| Asha N. Kacheria | Dr. Dhaval Gandhi | Lata H. Mehta | Nitin B. Desai | Rekha Dharia | Smita S. Mody |
| Dr. Ashish Ghuge | Gajendra Kadakia | Mamta B. Dharia | Nutan H. Dharia | Rita P. Mehta | Sundip Parikh |
| **Ashita Kadakia** | Girish Parikh | Mayur H. Shah | Pankaj Kadakia | Dr. Riti Shah Ghughe | Surekha Kadakia |
| Ashok Dharia | Gita J. Dharia | Mayuri N. Parikh | Pankaj C. Shah | Sangeeta Dharia | Surendra Bhatt |
| Ashwin Dharia | Hema R. Rajesh | Meeta M. Shah | Parag Kadakia | Sangeeta Kadakia | Sutpa Kacheria |
| Atul Dharia | Himani Mehta | Miral Parikh | **Paresh Kadakia** | Sarvangi Kadakia | Trupti A. Dharia |
| Bankim Parikh | Hiren Dharia | Mita Shah | Paresh Mehta | Satish Lakdawala | **Tushar Dharia** |
| Bharat Shah | Hitesh J. Mehta | Mitesh Shah | Parul S. Desai | Sejal Parikh | Usha Mody |
| Bina N. Desai | Ila G. Parikh | Mr. & Mrs. Rachna | Pinki N. Desai | L. Shailesh Desai | Varsha Y. Desai |
| **Biren Mody** | Indira Parikh | Nailesh Kadakia | Piyush Kacheria | **Shailesh Mody** | Dr. Vidhi P. Shah |
| Chakshu D. Parikh | Jagdish Dharia | Naina Dharia | Pooja Mody | Shailesh N. Desai | Yogesh N. Desai |
| Chhaya A. Dharia | Jagruti Kadakia | Nandish Kadakia | Prakash Parikh | Shilpa Lakdawala | **Yogesh Parikh** |
| | | | | | **Zalak Kadakia** |

**Membership : Cash / Cheques to be drawn in favour of The Third Eye**
**Committee Members are Marked in Bold.**

**- social cum cultural extravaganza at its best**




✍ **તંત્રી મંડળ તરફથી**

સમય સમયની વાત છે.
થોડી તાજી તો થોડી જૂની યાદ છે,
કોઈ આપણું થઈને પણ અજનબી બની જાય,
તો કોઈ અજનબી પરાયુ બનીને આપણું થઈ જાય છે,
આ સમય સમયની વાત છે.

**સમયની શું કિંમત છે ?**

નાનકડી વાત પણ સમજની વાત, સમયને સાચવશો તો સમય તમને સમયસર સાચવશે. જી હાં, જો રમકડામાંથી બેટરી (સેલ) કાઢી લેશો તો રમકડા ઊભા રહી જશે, પરંતુ ઘડિયાળમાંથી જો બેટરી (સેલ) કાઢી નાખશો તો સમય કંઈ ઊભો નહી રહે, માટે સમયની સાચી કિંમત શું છે ? આવો જાણીએ.

**સમય સમય બલવાન હે, નહિ પુરુષ બલવાન,**
**કાબે અર્જુન લુંટીયો, એહિ ધનુષ એહિ બાન.**

કોઈપણ વ્યક્તિ સમયકાળથી ઉપર નથી. સમયનું ચક્ર અવિરત પણે ચાલતું જ રહે છે. જીવનમાં ક્યારેક નબળો સમય તો ક્યારેક સબળો સમય આવે છે. આમ વ્યક્તિ નહિ પણ સમય બળવાન છે, મહાભારતના અર્જુનની જગજાહેર વાત છે. એક સમય એવો હતો કે અર્જુનના ગાંડીવ ધનુષના રણકારથી ધરતી ધ્રુજતી, એ જ ધનુષ્ય હાજર હોવા છતાં અર્જુનને કાબાના હાથે લુંટાવું પડયું. મનુષ્યના જીવનમાં અનેક ચઢાવ ઉતાર આવતા રહે છે. ક્યારેક ખાવા હલવા પુરી, ક્યારેક સુકી રોટી. આ બધો સમયનો ખેલ છે. માણસે સમય પારખીને અનુરૂપ જીવન જીવવું જોઈએ. જો એ સમયની સાથે ન વર્તી શકે તો સમય આગળ વહી જાય છે ને વ્યક્તિ પાછળ રહી જાય છે.

કહેવત છે કે **'સમયને સમયને માન'** છે. માટે **'સમય વર્તે સાવધાન.'** સમય પ્રમાણે વર્તે તે જ સમજદાર ગણાય. વક્ત ફીલ્મનું એક ગીત છે., 'આદમી કો ચાહિયે વક્ત સે ડર કર રહે, કોન જાને કીસ ઘડી વક્ત કા બદલે મિજાજ' માણસનો સમય ક્યારે બદલાય તે કહી શકાય નહિ. માણસનો એક સમય એવો હતો કે તે ઉપાડયોય ન ઉપડે. ગામઠી ભાષામાં કહેવાય કે ભાઈ! એનો તો અત્યારે દસકો છે. વળી સમય બદલાય ને એનો કોઈ ભાવેય ન પુછે. આ બધો સમય સમયનો ખેલ છે. 'વક્ત હે ફુલો કી સેજ વક્ત હે કાંટોકા તાજ' અપાર સંપતી હોય, સુખના સાધનો હાથવગા હોય, સમાજમાં તેની વાહવાહ થતી હોય, પ્રારબ્ધને લઈને તેનો સારો સમય ચાલતો હોય, ત્યારે ઉંધુ નાખે તોય સવળું પડે પછી સમય કરવટ બદલે. સમયનું વહેણ બદલાય ત્યારે સવળું નાખે તોય ઉંધુ પડે. આને કહેવાય 'સમય-સમયની બહીહારી'


**હાજા ભગતે વળી સમયને આ રીતે મુલવ્યો છે કે**

**'છતને છાયા ઘણી, અછતને કોણ આપે,**
**'હાજો' કહે હોલવાણી ટાઢી ઈ ટાઢીમાં કોણ તાપે.**

શિયાળામાં ટાઢ ઉડાડવા, લોકો મોટુ તાપણું કરે, આ તાપણાથી આજુબાજુ, ઢુંગોવળીને બધા બેસે ને ટાઢ ઉડાડે જે તાપણામાં ભડકો બળતો હોય ત્યાં સૌ કોઈ તાપે પણ ઠરી ગયેલા તાપણા પાસે કોઈ બેસે નહિ, તાપે નહિ.

છતને છાયા ઘણી અર્થાત જેનો સમય સારો હોય, પૈસે ટકે ખુબ સુખી હોય, સુખના તમામ સાધન ઉપલબ્ધ હોય, વગદાર માણસ હોય તેને બધાય સલામ મારે! પણ જેને સીમમાં ખેતર ન હોય ને ગામમાં ખોરડું ન હોય એવા અછતમાં જીવતા ઠનઠન ગોપાલને કોઈ બોલાવે પણ નહિ. આજના આધુનિક યુગમાં ધન-સંપત્તિની બોલબાલા છે. પૈસાથી માણસ મોટો ગણાય છે.

એક બાપા દરરોજ સવાર સાંજ મંદિરે દર્શન કરવા જાય. તેમની સામા મળતા બધા બાપાને કહે 'રામ રામ બાપા' સામેની વ્યક્તિ રામ રામ કહે ને વળી એમ પણ કહે કે 'તમારા રામરામ મારા પટારાને પહોંચાડી દઈશ.' આમ ઘણો સમય ચાલ્યું. એક દિવસ એક ભાઈએ બાપાને



TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES
POLYCAB
Concealed Metal Boxes For Modular Series
CLETA
CABLE GLAND
FANS
CONCEALED METAL BOX
SWITCHES
& MANY MORE PRODUCTS TO BE LAUNCHED
PRABHAT CABLES PVT. LTD.
ESTD : 1958
33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
Tel: 2208 5153 / 4922 4200, Fax : 2208 2660
Hotline: Head Office / Sales: *507 • *509
Cable Delivery: *505 • *506 • Flexible & HW Delivery : *112 • *113
Email: info@prabhatcables.com / prabhatcables@gmail.com
Website: www.prabhatcables.com
Distributors :
POLYCAB
WIRES & CABLES

પૂછયું કે બાપા અમે તમને રામ રામ કરીએ ત્યારે તમે 'તમારા રામ રામ મારા પટારાને કહી દઈશ, એમ શા માટે કહો છો ?' ત્યારે બાપાએ કહ્યું કે, 'જ્યારે મારી પાસે કાંઈ નહોતું ત્યારે મને કોઈ બોલાવતું પણ નહિ કારણ તે'દિ મારો પટાલો ખાલી હતો પણ આજે મારો પટારો ભરપુર છે માટે તમો બધા મને બોલાવો છો. રામ રામ કરો છો. હું તો એનો એ જ છું પણ આ બધો સમયનો ખેલ છે. કોઈનોય એક સરખો સમય રહેતો નથી.

**'સુખ અને દુઃખ કેરી છાયા આવે, અને વહિ જાયે,**
**જીવન નાવ અહિ રંગ બદલતી જાયે.'**

જીવન અનેક રંગ બદલે છે. સારો નરસો સમય પણ આવે છે ને ચાલ્યો જાય છે. સમય પારખી જીવન જીવાય તો સુખી ને ભૂતકાળને યાદ કરી સારા સમયને યાદ કરીને જીવીએ તો દુઃખી થઈ જઈએ.

આપણે જ્યારે સમય વહે છે એમ કહીએ છીએ ત્યારે જાણે સમયનો પ્રવાહ એક દિશામાંથી નીકળીને બીજી દિશા તરફ વહી જતો હોય એવી સરળ વાત આપણે કરીએ છીએ. વાસ્તવમાં સમયની ગતિ એટલી સરળ હોતી નથી. માત્ર ગતિ જ શા માટે, સમયની અગતિને પણ લક્ષમાં લેવી જોઈએ. જાગૃતિના સમય ઉપરાંત સ્વપ્નના સમયની પણ નોંધ લેવી જોઈએ. બાળપણમાં સમયના ચક્રનાં ચિહ્નો આપણા મુખ પર અંકાતાં નથી. પ્રૌઢાવસ્થામાં સમયના આંકા સ્પષ્ટ દેખાવા માંડે છે. પણ સમય ખાસ તો દેખાય છે આંખના આકાશમાં, ધીમે ધીમે દ્રષ્ટિની તરલતામાં ગામ્ભીર્યનો અણસાર દેખાવા લાગે છે, પછી એ ગામ્ભીર્ય વધુ ઊંડુ બને છે. કોઈએ કાળને શી રીતે જીરવ્યો તે જો જાણવું હોય તો એની આંખને જોવી ઘટે. ઘણાંની આંખો સમયના વીતવા સાથે છીછરી થતી જાય છે. સમયનો પ્રપાત એમાં દેખાતો નથી. રેતાળ પટવાળી નદીના જેવી એ જિંદગી હોય છે પણ કોઈકની આંખોમાં સમય પોતે જાણે નવું પરિણામ પામે છે. એ નવા પરિમાણમાં દિવસ રાત, જન્મ-મૃત્યુના દ્વંદ્વથી પર એવા કશાકની ઉપલબ્ધિ રહી હોય છે. આ ઉપલબ્ધિ આંખને નવા અંજનથી આંજી દે છે. એ ચૈતન્યનો ચમકારો સમયને એના તેજથી વીંધી નાખે છે.

સમય આપણી પાસે આવે છે તો પતંગિયાના જેવી ચટુલ ગતિએ ક્ષણને રૂપે. એ ક્ષણનો કશો ભાર નહીં, એ જાણે ભૂમિતિનું બિન્દુ, એ છે એટલો જ એનો ભાર. તો પછી સમયને આપણે ભારે કેમ બનાવી દઈએ છીએ ? સમયને કશાક લોભથી થંભાવી દેવો જોઈએ. કશાક લોભથી થોડીક ક્ષણનો સરવાળો કરવા જઈએ એટલે ભાર લાગવા માંડે. સમયને રૂંધવા જઈએ તો એ આપણે રૂંધી નાંખે.

આમ કહું છું છતાં એ હકીકત તો સ્વીકારું જ છું કે આપણી ચેતના સમયની વિક્ષિપ્ત ક્ષણોમાં સાતત્યનું સૂત્ર પરોવવાનું સ્વભાવથી જ લઈ બેસે છે. ક્યાંક એમાં ગાંઠ પડી જાય, ક્યાંક તંતુ છેદાઈ જાય ત્યારે વેદના થાય છે પણ વેદના આટલા પૂરતી જ હોતી નથી. એક રૂપ, અખંડ સમયની ઉપલબ્ધિ આપણને થતી નથી. આથી 'આગળ' 'પાછળ' એવા એના ભાગ પડે છે. 'પાછળ' નો સમય 'આગળ' ના સમયના રૂપને બદલે છે. અહીંથી બધી ગૂંચ શરૂ થાય છે. સમયને છેક તળિયે પડી રહીને, સપાટી પરના બધા ક્ષોભથી નિલિર્પ્ત બનીને, જીવવા જઈએ તો જડ થઈ જવાય, સમયના તરંગો અને મોજાંઓ સાથે ઊછળીને જીવવા જઈએ તો કદાચ ચૂર્ણવિચૂર્ણ થઈ જવાય. સમયમાં રહેવું, છતાં એનાથી પર રહેવું એ મોટી સમસ્યા છે.

કોઈક વળી સમયને સમયની છેદવાની પણ વાત કરે છે. ગીતામાં કર્મ વડે કર્મના લોપની વાત કરવામાં આવી છે. પણ એ એક શક્યતા લેખે જ સ્વીકારી શકાય. કર્મ એની છાપ મૂકી જાય છે, એને ભૂંસવા માટે બીજું કર્મ. પણ કાંટા વડે કાંટો કાઢવા જતાં કશી ઈજા ન જ થાય. એવું માનવું તે ભોળપણ છે.

માનવીની વિચિત્રતા એ છે કે સમયને ભૂંસવા ઈચ્છતો છતાં એ સમયનું પગલું શોધવાને સદા મંડયો રહે છે. લાખો વર્ષ પહેલાંના અશ્મીભૂત અવશેષને


SHAH & SHAH ENTERPRISE
1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.
022 - 2201 7283
info@shahent.co.in
www.shahent.co.in
+91-98198 17568 / 98670 13920
Lohar Chawl Talk Free Extension – *743
Authorized Stockists:
MERSEN
Expertise, our source of energy
Solar PV Fuse
Time Delay Fuse
Midget Fast-Acting Fuse
UltraSafe™ FuseHolder
Protistor fuse (all sizes)
BS Semiconductor fuse
Semiconductor
SPDs
D-Link®
Building Networks for People
CAT5E
CAT6
CAT6A

શોધીને એના પરથી સમયની છાપને એ ઉકેલે છે, અસ્થિ, સિક્કા, પથ્થર આ બધું જ એ ફેંદી વળે છે. વૃક્ષના થડને વહેરીને એના પર પડેલી સમયની ભાતને એ છતી કરે છે.

સમય શિશુની આંખમાં સેલારા મારે છે, એના પ્રચંડ મોજાં યૌવનમાં ઊછળેછે ને વૃદ્ધાવસ્થામાં એના ઓટનાં ઓસરતાં મોજાં દેખાય છે એમ કહેવું એ પણ યોગ્ય નથી. ઘણાં એવી જિંદગી જીવે છે કે સમયને હાથે પોતાનો લોપ થવાનું પણ એમને ભાન થતું નથી. ઘણાં સમયને નાથવા મથે છે, ઘણાં સમય સાથે સમાધાન કરવાનો પ્રયત્ન કરે છે.

ઝાકળના ટીપામાં ખીલતી કળીમાં જે સમય રહેલો છે તેને બાળપણમાં આપણે ઓળખતા હતા, કારણ કે ત્યારે ઓગળી જવું, ભળી જવું, એકાકાર થઈ જવું એને માટે સાધના કરવી પડતી નહોતી. ત્યારે એ આપણો સ્વભાવ હતો. ત્યારે આપણે શ્વાસને જાણતા હતા, નિઃશ્વાસને નહીં. પણ પછી બધું બંધ કરી દેવાની, સાચવી રાખવાની વૃત્તિ થવા લાગી. બંધાવું કે બાંધી લેવું એ પોતે કોઈ ખોટી વસ્તુ છે એવું હંમેશાં નથી. કોઈકના જીવનમાં સમય મોતીની જેમ બંધાઈને તેજ પ્રાપ્ત કરે છે, પણ એ તેજ કેવી તો વેદનાના ગર્ભમાં ઘુંટાતો હોય છે! બાળકની પાટીમાં રમતિયાળ લઘુ હાથે લખેલો એકડો અંકગણિતની જટાજાળનો ભાર ઉપાડતો નથી, કારણ કે એને આલેખનારનું મન હજી એ જટાજાળમાં ફસાયું હોતું નથી. તેમ સમયને પણ એના વિસ્તરેલા પ્રપંચમાંથી સારવી લેવાનું શક્ય તો હોવું જ જોઈએ. સૂર્યના ક્રમણથી સમયનું માપ માનવી કાઢવા મથ્યો. પણ સૂર્યને બીજી રીતે જોઈ શકાય. ગતિ અગતિના બે ધ્રુવ વચ્ચે જ જાણે માનવીની કલ્પના એની પાંખો પછાડયા કરે છે. આથી સાપેક્ષતા એ જ એની સૌથી મોટી ઉપાધિ છે.

સમયને નાથવાનું છોડો. સમયથી ભાગવાનું છોડો, એને બદલે સમયને ભોગવો, સમય આપણા ઉપભોગના આનંદથી પુષ્ટ બને છે, આપણા ભયથી નહીં, સમય આપણી વેદના ભરવાનું પાત્ર નથી. એને ઉત્સવની ધજાપતાકાની જેમ પવનમાં ફરફર ફરકવા દો. સમય આપણા શ્વાસોશ્વાસનું કારાગર નથી. સમય આપણા જીવનની ક્રીડાનું પટાંગણ છે, જેને ક્ષિતિજોની સીમા નથી. સમય એ લોભથી ચોરવાની વસ્તુ નથી, ઉદાર બનીને લુંટાવવાની વસ્તુ છે. સમય અનેક સાંધવાળી ફકીરની ગોદડી નથી, એ નવસ્ત્રા નરવા શિશુના દેહની કાન્તિ છે. સમયની અવળી છબિ જોનાર મૃત્યુનું રૂપ જોઈને છળી મરે છે. પણ સમયને સવળે રૂપે જોનારા બહુ ઓછા હોય છે. સમય જીર્ણ થતો નથી, આપણી દરિદ્રતા જ એને જરાજીર્ણ બનાવે છે. સમયના ગર્ભમાં રહસ્ય છે એમ માનીને એનાં પડ ઉકેલનારા જે શૂન્ય સુધી પહોંચે છે તે શૂન્યનો પહેલેથી જ સાક્ષાત્કાર કરી લીધેલો સારો.

## સમય માટેની ટીપ્પણી

સમય કી ધારા મેં... દો ઘડી જી લેંગે... આ ગીત આપણને સમજાવે છે કે જો તમે સમયની ધારા સાથે ચાલો તો તમે દો ઘડી ની આ જિંદગીનો આનંદ માણી શકો છો, કારણ કે જતો રહેલો સમય કદી પાછો નથી આવતો. માટે સમયનો સદુપયોગ કરવો જરૂરી છે. આજમાં જીવો ગઈ કાલ કે આવતી કાલમાં નહીં, કહેવત છે કે જો આપણો સમય સારો ચાલતો હોય તો ચાંદી હી ચાંદી નહીંતર શુન્યતા જ શુન્યતા.

બીજું સમયસર કામ કરનારને કદી પસ્તાવાનો વારો આવતો નથી. જીવનમાં ત્રણ પ્રકારના વ્યક્તિ હોય છે, એક સમય પહેલા પહોંચે, એક સમય કરતા લેટ પહોંચે અને એક આપેલ સમયે સમયસર ઘરેથી નિકળે અને સમયસર ત્યાં પહોંચે. તો આમ વહેલા અને મોડા આવનાર કરતા સમયસર આવનાર વ્યક્તિ હંમેશા પ્રગતિ કરે છે. તેઓ સમયની કિંમત સમજે છે, માટે સમય સારો તો બધું સારું. છેલ્લે એટલું જ કહીશ, જો સમય સાચવો તો તમે રાજા, માટે તનો રાજા બનો રાજા...!

સમય માટે શ્રીકાંતભાઈ એ રીતે કહે છે કે.... ધન,

RR KĀBEL

SCAME INDIA
electrical solutions

legrand®

MK
Honeywell

eubiq™

Schneider Electric

BHAVIK PARIKH

ESSEN ELECTRICAL ENTERPRISE

Block No. 2A, Ground Floor, Jawahar House, 285, Princess Street, Next to Saraswat Co-op. Bank Ltd.,
Near Parsi Dairy Farm, New Marine Lines (E) MUMBAI - 400 002.
Phone : 2201 0018 / 2206 4726 • E-mail : essenelec@gmail.com • www.essenelectric.com

જ્ઞાન, સ્વાસ્થ્ય પાછું આવે પણ સમય નહિ. દુનિયાની એક અદ્‌ભુત પ્રવાહીશીલ ગતિ છે. દરેકે સમયની સાથે પરિવર્તન સ્વીકારવું તે પ્રગતિની નિશાની છે. ભારતમાં સૌથી ઓછા સમયની કિંમત ૯ ઓગસ્ટ ૧૯૮૪ની પી.ટી. ઉષાને પૂછો. તિર ને નદીના પાણી ની જેમ સમય પાછો નો વાળી શકાય. જળ, વાયુ, પ્રકાશ, વિજળી નૈસર્ગિક ને વૈજ્ઞાનિક સંઘરી શક્યા છે પણ સમય ને નહિ.

શારદાબેનના કહેવા પ્રમાણ, 'સમય' ત્રણ અક્ષરનો બનેલો નાનો શબ્દ, પણ એનું મહત્વ આપણી જિંદગીમાં બહુ જ મોટું છે.

સમય જો સારો હોય તો લોકો તમારી વાહવાહ કરશે અને ખરાબ હોય તો સારા કર્મની પણ નિંદા કરશે. દરેક કામ સમય પર કરવું એ નાનપણથી જ આપણને શીખવાડમાં આવે છે, છતાં પણ ઘણી વખત સમય આપણને હરાવી દે છે.

જેમ કે ગયા વર્ષના કોરોના કાળના સમયમાં આપણે ભલભલા લોકોને બીમારીથી જૂજતા જોયા, શારીરિક, આર્થિક, માનસિક નુકશાની ભોગવવી પડી, ત્યારે બધાને મોઢે એક જ વાત, આ સમય નીકળી જાય તો સારું. માટે જ સમય મહાન છે માનવી નહીં, તે ઉપરના ઉદાહરણ પરથી ખ્યાલ આવી જશે. સમય ઘડીના છઠ્ઠા ભાગમાં રાજાને રંક અને રંકને રાજા બનાવી શકે છે. માટે જ માનવી એ પોતાના સારા સમય કાળનું અભિમાન કરવું નહીં. વીતેલો સમય કદી પાછો આવતો નથી, માટે માણસે પોતાના ભૂતકાળને કદી યાદ કરવો નહીં. તમારો સમય ગમે તેટલો ભવ્ય હોય કે તકલીફવાળો હોય ત્યારે વર્તમાનમાં રહીને ભવિષ્ય તરફ આગળ ને આગળ વધતા રહેવું તો જ નદીના વહેણની માફક દરિયારૂપી મંઝિલ સુધી પહોંચી શકીશું.

સમય એક મહાન શિક્ષક છે, જો સારો હોય તો તમને સંબંધોનો અહેસાસ કરાવશે, અને ખરાબ સમયે તમને સાચી વ્યક્તિની ઓળખ કરાવશે, જિંદગીનું સનાતન સત્ય સમજાવશે.

ચંદ્રકાન્તભાઈ ધારીઆના વિચારોથી, જે માણસ સમયની કદર કરતો નથી તેની સમય પણ કદર કરતો નથી. સમયસૂચકતા માનવીને ઘણાં મોટા અકસ્માતોથી બચાવી શકે છે.

આપણામાં અંગ્રેજી કહેવત છે કે, "Punctuality is always counted than the capability" અર્થાત, 'તમે જો જરાક પણ ઓછા કામયાબ હોય અને તમારાં ટાઈમમાં ચૂસ્ત હોય તો તમે તમારું કેરિયર બનાવી શકો છો.'

ઘણી વખત એક એક મિનિટની પણ કિંમત અનુભવાય છે કે, જેમ કે તમે પ્લેટફોર્મ પર પહોંચ્યા અને બે મિનિટ પણ મોડા પડયા હોય અને બહારગામની ગાડી ઉપડી જાય ત્યારે કેટલું મોટું નુકશાન થાય છે. તેનો અનુભવ આપણામાંથી ઘણાને થયો જ હશે.

આપણાં સમાજમાં જીવતો જાગતો દાખલો આ સદીના મહાનાયક શ્રી અમિતાભ બચ્ચનજીનો છે. જે સમય કતાં હંમેશા પહેલેથી શુટીંગ ઉપર પહોંચતા હોય છે, તે આપણે પણ આપણા જીવનમાં ઉતારવો જોઈએ. ઘણા લોકો સમય કરતા કાયમ લેટ જ આવતા હોવાથી તેમને "Late Latif" નો એવોર્ડ મળતો હોય ચે.

આ રીતે આપણા જીવનમાં ત્રણ અક્ષરના નાનાકડા શબ્દનું કેટલું મહત્વ છે જેનો આપણને ખ્યાલ આવી ગયો હશે. માટે હંમેશા સમયની કદર કરશો અને જીવનમાં સફળતા પ્રાપ્ત કરશો તેવા આશી રાખું છું.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘને મળેલ દાન

**રૂા. ૧,૦૦,૦૦૦/- એક શુભેચ્છક તરફથી કોવિડ રીલિફ ફંડ માટે મળેલ છે.**

**સંસ્થા તરફથી ખુબ ખુબ આભાર**

Selected Business Superbrand INDIA 2006 Industry Validated

# TOTAL ELECTRICAL SOLUTIONS



- Electrical Wires – Housegard & Hotgard
- Flame Retardant Low Smoke Electrical Wires – Flamegard
- Single & Multi Core Flexible Cables
- Single Core Flexible Cables for UPS Cabling
- PVC Winding Wires & 3-Core Flat Cables
- Trunk & Distribution CATV Cables
- Branch & Drop Co-axial Cables
- 105$^{0}$C Temperature Resistant Auto Cables
- Cat 5 E+, Cat 6 and Cat 6+ LAN Cables & Components
- Telephone & Switchboard Cables
- Power & Control Cables
- Jelly Filled Telephone Cables
- Optic Fibre Cables
- PVC Sheets
- Finoswitch Electrical Switches - Premium & Classic
- Finoglow - Compact Fluorescent Lamps

**Finolex Cables Limited**
AN IS/ISO 9001 COMPANY
*Finolex gets people together*

***AUTHORISED DISTRIBUTORS AND CHANNEL PARTNER***

## Pushti Electricals Pvt. Ltd.

**17, Picket Cross Road, Lohar Chawl, Mumbai :- 400 002**
**Tel.: 2206 6230 • 2208 7429 • 2206 5726 • 6637 7929**
**• E-mail : sales@pushtiindia.com • Fax : 2206 7929**
**• Web.: www.pushtiindia.com**

# જીભને સેનેટાઈઝ કરીને કવોરંટાઈન કરી દો, સંબંધોમાં ફેલાતો કોરોના વાઈરસ અટકી જશે!!

✍ નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

જીભએ મુખમાં આવેલ, ચાવવા એ ગળવા માટે ઉપયોગી તેવું કંકાલિય સ્નાયુ (મજ્જા) નું બનેલું અંગ છે. માનવની સ્વાદેન્દ્રિ હોવાથી તેનું એક નામ રસના પણ છે. જીભની મોટભાગની ઉપલી સપાટી સ્વાદાંકુરો (Taste Buds) થી છવાયેલ હોય છે. તે ઉપરાંત જીભ તેની બહોળા પ્રમાણમાં વિવિધ રીતે હલચલ કરવાની ક્ષમતાને કારણે વાચા (અવાજ) ઉત્પન્ન કરવાનાં કાર્યમાં પણ સહાયરૂપ બને છે. તે સંવેદનશીલ અને લાળ લડે ભિંજાયેલ હોય છે. તેમાં પુષ્કળ પ્રમાણમાં રક્તવાહિનીઓ અને તંત્રિકાઓ (ચેતાતંત્રિય કોષો) રહેલ હોય છે જે તેને હલનચલનમાં મદદરૂપ છે. જીભ માનવામાં આવે છે તેના કરતાં વધુ, છેક મુખની પાછળની સીમા સુધી, ગળામાં ઉંડે સુધી, ફેલાયેલી અને મોટી હોય છે. જીભની ઉપલી સપાટી મુખ્યત્વે બે ભાગમાં વહેંચાયેલ હોય છે. મૌખિક ભાગ (Oral Part) (જીભનો બાહ્ય ૨/૩ ભાગ) જે મોટાભાગે મુખમાં રહેલ હોય છે. (Pharyngeal Part) (જીભનો આંતરીક ૧/૩ ભાગ), જે ગળામાં અંદરની બાજુ (Oropharynx) રહેલો હોય છે. આ બંને ભાગો V - આકારનાં ખાંચા વડે અલગ પડે છે.

તમે વિચારોજો જીભ ના હોત તો શું થાત, હું જાણુ છું કે આ બાલિશ પ્રશ્ન છે. આપણે રહ્યા માનવી કંઈ સ્વાર્થ ન હોય ત્યાં સુધી કંઈ જ ન કરીએ, એવું લોકો માને છે. આપણે પોતાની જાતને ભલે ગમે તેટલા આઝાદ માની લઈએ પણ, આપણે આપણા જ આ એક અંગના ગુલામ છીએ. એ પણ, સાવ હાડકા વિહીન અંગ આપણી નાની અમસ્તી ૩૨ બોડીગાર્ડની અંદર રાણી સમાન જીવતી જીભના....!!

તો આખરે સવાલ ત્યાં આવીને ઉભો રહે છે કે, જીભ ફાયદાકારક છે કે નુકશાનકર્તા ? હવે એ બે વાતની વચ્ચે આવીને ઊભી રહી છે કે એ ફાયદો પણ કરાવે છે અને નુકશાન પણ, બસ એનો ઉપયોગ આપણે કઈ રીતે કરીએ છીએ એના પર બધું ડિપેન્ડ કરે છે....!!

'સામેવાળાની આગળ નમી જવાની ભાવના' અને 'કોઈના બે શબ્દો ખમી લેવાની ભાવના' આ ભાવનાના અભાવે જ બહુધા આપણી વાણીમાં અસંયમ ઊભો થતો હોય છે. પછી પરિણામે શું આવે છે ? તો હાડકા વગરની જીભ અનેકના હાડકા તોડી નાખે છે. એટલે જ અંગ્રેજીમાં એક લેખકે કહ્યું છે કે,

"A Tounge without bone has power to break many bones.'

અર્થાત 'હાડકા વગરની જીભમાં અનેકના હાડકા તોડી નાખવાની શક્તિ છે.'

માનવ જીવન સફળ બનાવવા માટે મૌન રહેજો અને માફી આપજો. પૂરના પાણીથી જે નુકશાન થાય છે તેનાથી પણ વધુ નુકશાન વાણીના તોફાની પૂરથી થાય છે. મહાભારત કે રામાયણના યુદ્ધોના શ્રી ગણેશ તોછડી વાણીથી જ થયો હતો. તોતડી જીભ ચલાવી લેવાય પરંતુ તોછડી જીભ નહીં. હાડકા વગરની જીભે કટુ વચનો બોલીને કેટલાના ઘર તો કેટલાના હાડકા ભંગાવી નાંખ્યા છે. માટે જ શસ્ત્રોના ઘા હજું રૂઝાઈ જાય છે પણ કટાક્ષમાં બોલાયેલા શબ્દોના ઘા જિંદગીભર ઝુરિયા કરે છે. ઝેરનું એક બિંદુ દૂધપાકના તપેલાને ઝેરી બનાવી દે છે તેમ એક કડવું વચન આખા જીવનને ઝેર બનાવી દે છે.

બાળપણમાં ઘણીવાર એક ડાયલોગ સાંભળ્યો હતો. 'જીભને હાડકું ન હોય' આ સાંભળી એમ થતું કે આમાં કઈ ધાડ મારવા જેવી વાત કરી નાંખી ? યુવાન થયો ત્યારે

# જે. જે. શ્રી ગોકુલેશ

# LALSON

MFG OF ELECTRICALS, ENGINEERING & FABRICATION PRODUCTS



CONTROL PANEL ACCESSORIES
BUSH & SHEET METAL WORKS
FABRICATION WORKS

lalson®

FIBER MOULDING WORKS(FRP)
PLASTIC MOULDING
BAKELIT MOULDING

**Bhadresh Lalchand Mody.**
**+91 98693 59912**

**Bhavik Bhadresh Mody**
**+91 98213 72989**

Head Off:- A1/A2, Buildnig No :-3, Manisha Industrial Estate, Palghar Boisor Road, Palghar (west), 401404.
Tel: - 02525-250218, Mobile: +91 90221 66973, +91 93226 53868
Email:- lalsonindia@gmail.com, saleslalson@gmail.com

**PLASTIC & BAKELITE WORK**
Unit 1:- 14/15, Manisha Industrial Estate, Palghar Boisor Road, Palghar(west)

**FIBER MOULDING WORK**
Unit 2:- C1/C2, Diamond Industrial Compound, Kaman, Vasai(east)

**CONTROL PANEL ACCESSORIES**
Unit 3:- 33, Bombay Talkies Compound, opp Goodluck Transport, Malad(west).

બીજો ડાયલોગ સાંભળવા મળ્યો, 'મુખમાંથી નીકળેલ વેણ અને તીરમાંથી નીકળેલ બાણ કદી પાછાં ફરતાં નથી' બોલવા સાથે સંકળાયેલ આ ઉક્તિઓ કેવું બોલવું તેની સાથે સંકળાયેલ છે. બોલવું એ તો આપણો બંધારણીય અધિકાર છે. Freedom of speech એટલે બોલવામાં શું વાંધો હોય. બોલવું જ જોઈએ. બોલવા માટેની કહેવત પણ છે 'બોલે એના બોર વેચાય' પણ કહેવત સાથે બીજી એક કહેવત એ પણ છે કે 'ન બોલ્યામાં નવ ગુણ' આટલે થી મારી વાતની પૂર્વભૂમિકા અટકતી નથી. એટલે તમે વિચારતા હશો કે આજે બોલી બોલીને નહીં તો લખી લખીને, ને એ લખાણ વંચાવી વંચાવીને 'મગજનો ખોડો કાઢવાનો' વિચાર છે. ના ભાઈ ના, મારો એવો કોઈ વિચાર કે ઈરાદો નથી. હા, કહેવાવાળાએ 'જીભનો કૂચો વળી જાય' ત્યાં સુધી કહ્યું હોવા છતાંય કેટલાક લોકોની 'જીભ હૈ કે માનતી હી નહીં... !'

હિંસા ઘણી વખત જીભથી બોલીને અને વર્તનથી પણ થાય છે. કેટલાંક લોકોનું વર્તન જ હિંસક હોય છે. માણસ સામે એવી તુચ્છ અને તિરસ્કાર ભરી નજર કરે કે માણસ બિચ્ચારો આખે આખો અને ઊભે ઊભો સળગી જાય ! દુનિયામાં સૌથી વધુ સંભાળીને વાપરવા જેવી કોઈ ચીજ હોય તો એ શબ્દો છે. શબ્દોને વાપરતાં ન આવડે તો એ શબ્દો જીવલેણ બની જાય છે. શબ્દો તીર અને તલવાર કરતાં પણ વધુ તીક્ષ્ણ હોય છે. શબ્દો સોંસરવા ઊતરી જાય છે. કોઈનાં કડવા વેણ સાંભળીએ ત્યારે આપણે કહીએ છીએ કે એની જીભ તો કુહાડા જેવી છે. આમ જુઓ તો જીભ સૌથી નાજુક, કોમળ અને હાડકા વગરનું અંગ છે પણ એ ચાલે ત્યારે શેતાન બની જાય છે.

એક વખત દાંત અને જીભ વચ્ચે સંવાદ થયો. દાંતે કહ્યું કે તારા ફરતે હું કવચની જેમ ફેલાયેલો છું અને હું તારું રક્ષણ કરું છે. જીભે કહ્યું એ તો હું કાબૂમાં રહું છું એટલે તને એવું લાગે છે. બાકી તારે પરચો જોવો છે ? સામેથી આવતાં એક પહેવાલનને જીભે ગાળ દીધી. પેલા પહેલવાને જોગદાર મુક્કો મોઢા પર માર્યો અને બધાં જ દાંત પડી ગયા. જીભે હસીને દાંતને કહ્યું કે હવે તું મને કહે કે કોણ કોનું રક્ષણ કરતું હતું ? તમારી જીભ તમારું રક્ષણ કરે છે કે ભક્ષણ ? બોલતી વખતે આપણી ક્યારેય વિચારીએ છીએ કે મારા શબ્દો સામેના માણસને કેવા વાગશે ? આપણે બેરહમીપૂર્વક ઘણી વખત શબ્દોથી કોઈના પર ઘા ઉપર ઘા કરતાં હોઈએ છીએ. થપ્પડ કે શસ્ત્રની ઈજા શરીર પર થાય છે પણ શબ્દનો ઘા સીધેસીધો દિલમાં વાગે છે.

ઝઘડા તો માત્ર બોલવાથી જ થાય છે. તમે કોઈ એક એવો શબ્દ વાપરો એટલે વર્ષો નહિ પણ દાયકાઓના સંબંધો એક ઝાટકે તૂટી જાય છે. મોટા ભાગે દોસ્તી તૂટવાનું કારણ અયોગ્ય રીતે ઉપયોગમાં લેવાતાં શબ્દો જ હોય છે. મારા વિશે તું આવું બોલ્યો ? આવા શબ્દો વાપરતાં પહેલાં તને કંઈ જ વિચાન ન આવ્યો ? તારાથી આવું બોલાય જ કેમ ? તું બોલ્યો મતલબ કે તું મારા વિશે એવું વિચારે છે. તમે યાદ કરો, તમારી જિંદગીમાં કેટલી વખત આવું બન્યું છે ? માત્ર બોલવાથી જ તો તમારા સંબંધો નથી તૂટયા ને ? દોસ્તી અને પ્રેમમાં શબ્દો સૌથી વધુ નાજુક અને કોમળ બની જાય છે. એકાદ શબ્દ જો ધાર કાઢીને કહી દેવાય તો સંબંધ તૂટી જાય છે અને પ્રેમ ખૂટી જાય છે.

ઘણી વખત માણસ કોઈની લાગણી અને ભાવના સમજતો નથી. સંવેદનશીલ માણસો શબ્દોથી જ મરી કે તરી જતા હોય છે. તમારા શબ્દોમાં તાકાત છે એ તાકાત મારક પણ બની શકે છે અને મલમ પણ બની શકે છે. તમારા શબ્દો ફૂલ પણ બની શકે છે અને શૂળ પણ બની શકે છે. સવાલ એ છે કે કંઈ બોલતાં પહેલાં આપણે જરાયે વિચાર કરીએ છીએ ખરાં ? થોડુંક આના વિશે પણ વિચારી જોજો !

જો તમે એક વાર બોલતાં પહેલાં બે વાર વિચારશો તો તમે સારું જ બોલશો.

# તમારા સ્નેહભાવને પરંપરાગત ગુજરાતી અલંકારોથી વ્યક્ત કરો !



પેઢી દર પેઢીના વારસાગત અનુભવથી અમારી કારીગરીએ ઘણા પારખુ ગ્રાહકોને સંમોહીત કર્યા છે.
નકશીકામની ગુણવત્તા કહો કે પછી શ્રેષ્ઠકૃતિની રચના,
જોતાં જ ગમી જાય એવા અલંકારો અમે આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છિએ.

પધારો; પરંપરાગત ગુજરાતી અલંકારોની ઉત્કૃષ્ટ શ્રેણી
અમારા એકમાત્ર બુટિક - એસ. વી. રોડ, અંધેરી ખાતે નિહાળો.

Since 1962

**સોની શિવલાલ જ્વેલર્સ પ્રા. લિ.**

સુવર્ણ અને હિરાનું કલાત્મક સંગ્રહસ્થાન, ખરીદદાર, વેચનાર, નિકાસકર્તા અને સરકારમાન્ય વેલ્યુઅર

શો-રૂમ : શૉપ નં. ૧ અને ૨, સેન્ટર સ્કવેઅર બિલ્ડીંગ, ફિદાઈ ઍકેડમીની બાજુમાં,
એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮ | ફોન : +૯૧-૨૨-૨૬૭૦ ૫૪૫૪ / ૪૦૧૩ ૯૧૫૫

# આ બાંકડો શું ચીજ છે ?

✍ પ્રવીણભાઈ દેસાઈ

પ્રેમનો પર્યાય છે આ બાંકડો,
બારમો અધ્યાય છે એ બાંકડો !
બે મળેલાં જીવ માંડે વારતા,
કેટલો હરખાય છે આ બાંકડો !
હાથમાં લઈ હાથ બેઠા હોય જે,
એમને પરખાય છે આ બાંકડો !
કેટલાયે લોક આવ્યા ને ગયા,
ખુદ કશે ક્યાં જાય છે આ બાંકડો !
તું સમજવાનો પ્રયત્નો છોડને,
'તખ્ત' ક્યાં સમજાય છે આ બાંકડો !

- તખ્ત સોલંકી

ગુજરાતી કવિતા અનેકવાર બાંકડા પર બેઠી છે. જેટલી વાર બેઠી તેટલી વાર તેણે નિરાંત અનુભવી છે.

**રમેશ પારેખે** બગીચાના બાંકડે બેસાડયા, 'એકલા સાંજે બગીચે બેસવું શું ચીજ છે ? બાંકડો શું ચીજ છે ? બુઢ્ઢા થવું શું ચીજ છે ?'

**હરિકૃષ્ણ પાઠકે** 'ગાડી આવે જાય બાંકડ બેઠો છું' ની વાત કરીને સ્ટેશનના બાંકડે આરામ ફરમાવ્યો.

**મનોજ ખંડેરિયાએ** સ્કૂલની છેલ્લી બેન્ચે બેસવાની વાત છેડી,'મોજથી બેસ બાંકડે છેલ્લે, એ ભણેશ્રી ભણે તો ભણવા દે.'

**ગુંજન ગાંધી**નો શેર પણ જુઓ,'સાંજ થઈ વૃદ્ધો ગયા, એ ના ગયો; કેટલો આ બાંકડો લાચાર છે.'

**ભાવેશ ભટ્ટ**નો શેર પણ યાદ આવે, 'નથી સાંભળતો વૃદ્ધોની કોઈ વાત, નહીંતર બાંકડાને તાવ આવે'

આ લેખ લખનારનો શેર પણ સહજ યાદ કરવો ઘટે, 'વૃદ્ધથી રડવું જ રોકી ના શકાયું. વાત જ્યારે નિકળી આ બાંકડાની.' ક્યારેક બગીચાનો બાંકડો, ક્યારેક સ્કૂલનો, ક્યારેક સ્ટેશનનો !

**તખ્તસિંહ સોલંકી**એ 'બાંકડો' રદીફ રાખી સરસ ગઝલ લખી છે. આજે તેનો આનંદ માણીએ.

ઉંમરના તમામ પડાવ બાંકડા સાથે જોડાયેલા છે. તેની પર બેસેલો બુઢાપો તો લખ્યે લખાય નહીં તેવો હોય છે. ઝીણવટથી જુઓ તો તેમાં વર્ષોની કરચલીઓનો હિસાબ દેખાય. મોતિયાવાળી આંખોની નિતરતી ભીનાશ પણ મળી આવે. બોખા સ્મિતની સહજતા પણ ત્યાં વેરાયેલી પડી હોય. નીચે જુઓ તો ગામ આખાની નિંદાનું નિંદામણ પણ વેંત-વેંત ઊગેલું દેખાઈ આવે.

વળી મશ્કરીનો મબલખ ફાલ પણ ખરો ! કોઈને આંખોથી ઘટઘટ પીધાનાં સ્મરણ મહેક-મહેક થતાં હોય. અનેક લોકોના વીતી ગયેલાં વર્ષોનો ખારો-તુરો-કડવો-મીઠો વિવિધ પ્રકારનો ઈતિહાસ પણ ખજાના જેમ સચવાયેલો મળી આવે. હોંશથી પુત્રની સફળતાની વાત કરતા પિતાની સાથો સાથ બાંકડાને પણ શેર લોહી ચડતું હશે ! કેટકેટલાના ઘરની ઉદાસી બાંકડે કેટકેટલી વાર ઠલવાઈ હશે કોણ કહી શકે ?

બાંકડે બેસેલું યૌવન હવામાં પ્રિયતમાની ફરફરતી લટને કાન પાછળ ગોઠવતું મળી આવે. ક્યારેક મૌન ઓઢીને બેસેલા માસુમ ચહેરાઓ ત્યાં બેસીને ફૂલ જેમ ખીલતા હશે ત્યારે બાંકડાને પણ પતંગિયા જેમ પાંખો ફૂટતી હશે. આંખની ભીનાશ અને હૈયાના હરખ સાથે વર્ષો બાદ થયેલું મિલન બાંકડાને પણ ગર્વનો અહેસાસ કરાવતું હશે. કોઈએ આપેલું ગિફ્ટબોક્સ જ્યારે તેની પર મૂકીને ખોલવમાં આવતું હશે ત્યારે ગિફ્ટ પામનારની સાથોસાથ બાંકડાના હૈયે પણ હરખ નહીં માતો હોય.

સ્કૂલના દફતરોએ પણ અહીં પડાવ નાખ્યો હશે. બોરિંગ લેક્ચરને રસપ્રદ બનાવવામાં તે સહભાગી બન્યો હશે. કોઈના ગુસ્સા કે શોકનો પણ તે મૂક સાક્ષી બની રહ્યો હશે. કોઈ રડયું હોય ત્યારે તેનાં આંસુ ન લૂછી શકવા બદલ તેને અફસોસ પણ થયો હશે. જગતને હજી સરખું જોયું પણ નથી એવા શિશુના સ્તનપાનની મહાન ઘટના પણ તેણે જોઈ હશે. સ્કૂલનાં માસૂમ ફૂલ પણ તેની પીઠ પર ખીલ્યાં હશે. કોલેજના મિત્રોની કરામતો પણ તેને નજરે નિહાળી હશે. બુઢ્ઢાપાનું ઉપનિષદ તો તેણે રોજેરોજ વાંચ્યું હશે. ઉંમરના કેટકેટલા પડાવ અહીં આવ્યા હશે, બેઠા હશે, ચાલ્યા ગયા હશે.

રાખડી અને ફ્રેન્ડશિપ બેલ્ટનો પરિચય પણ તેણે કર્યો હશે. પીળા અને રાતાં બંને ગુલાબોની મહેક તેણે માણી

II Shree Ganeshay Namah II

Dipesh Desai : 9821115849
8850333537

SERVING SINCE 1989

Harsh Desai : 7977911412
9819158669

# TRADE LINK

Authorised Channel Partner : AJMERA | HENSEL | WALTHER | HPL | COOLEX

**AJMERA**
Marine Light Fittings & Switchgears

Marine Switchegears,
Marine Light Fittings,
Industrial Switchgears and Panel.

**walther**
Electrotechnical Systems

Plugs, Sockets,
Interlock Switch Socket,
Socket with MCB Provision

**HENSEL**
PASSION FOR POWER

Junction Boxes (IP 55/65/66/67/68),
MCB Boxes, Cable Drums,
Pole Boxes, Glands.

**HPL**

Change Over Switch
ATS, ACB, Contactor,
HRS Fuse Link,
MCCB, Relays.

**COOLEX**®
a smart LED innovation

LED Light Fixtures

**Sales Off. :** Room No. 20, 2nd Floor, Ajmera House, 63/67, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
H. O. : 21-B, 1st Floor, Sardar Griha Bldg., 198, Lokmanya Tilak Marg, (33 Lohar Chawl), Mumbai - 400 002.
**Phone :** 4005 5849 / 3956 7231 / 6631 0540 • **E-mail** : tradelink1967@gmail.com, tradelink_90@yahoo.co.in

**Website : www.tradelinkindia.net**

હશે. ટેકણલાકડી અને બેટ દડો પણ તેની પાસે રોકાયા હશે. તૂટતાં ચૂરચૂર થતાં સપનાંની સાથોસાથ નવી આશાનો અમિ પણ તેણે અનેકવાર પીધો હશે. ક્યારેક આખા આભનો ખાલીપો તેની પર ઊતરી આવ્યો હશે તો ક્યારેક પંખીઓના કલરવથી તે ભરચક પણ થયો હશે. વરસાદ, ટાઢ, તાપમાં તેણે કેટકેટલું જોયું હશે, જાણ્યું હશે, અનુભવ્યું હશે..... આવા બાંકડાને તમે સમજવા પ્રયત્ન કરો તોય સમજી સમજી કેટલું સમજી શકો ?

તખ્ત સોલંકીએ બાંકડાની જુદી જુદી છબીઓ ગઝલમાં ઝીલી છે. તેવી જ રદીફવાળી એક અન્ય ગઝલથી લોગઆઉટ કરીએ.

**લોગઆઉટ**

**આભ હેઠું ઉતર્યું છે બાંકડે;, મોરનું પીંછુ ખર્યું છે, બાંકડે,**
**સ્તબ્ધ થઈ બેસી રહ્યાંનું છે સ્મરણ, ચિત્રકારે ચિતર્યું છે બાંકડે,**
**લઈ સુવર્ણી સોણલાં ઊડું ગગન, સ્વપ્ન પંખી ફરફર્યું છે બાંકડે,**
**ટેરવેથી સ્પર્શ એવો પીગળે, પુષ્પ રક્તિમ નિખર્યું છે બાંકડે,**
**આંખમાં આવી ગયાં હર્ષાશ્રુઓ એક સરવર નિતર્યું છે બાંકડે.**

✣ ✣ ✣




# શ્રી ગોકુલનાથજી મંદિર, બાલાસિનોર

શ્રી ગોકુલનાથજી મંદિર ટ્રસ્ટી મંડળ બાલાસિનોરના સર્વે વૈષ્ણવોને જય જય શ્રી ગોકુલેશ

પ્રવર્તમાન કોવીડ-૧૯ જેવી વૈશ્વિક મહામારીને કારણે આગામી તા. ૨૩-૩-૨૦૨૧ ને મંગળવાર ફાગણ સુદ - ૯ નો ફગવા બગીચા ઉત્સવ આવતા વર્ષે ઉજવવાનું શ્રી ગોકુલનાથજી મંદિર ટ્રસ્ટી મંડળે ઠરાવેલ છે. માટે આ વર્ષના મનોરથીશ્રીઓએ આવતા વર્ષે ઉત્સવ ઉજવવો તેવું નક્કી કરેલ છે. એજ રીતે પ્રત્યેક મનોરથીઓને ક્રમશ : ક્રમીક એક એક વર્ષ આગળ વધતું રહેશે. જેની સર્વે મનોરથીશ્રીઓ તથા વૈષ્ણવોને જાણ કરવામાં આવે છે.

**લી.**

**શ્રી ગોકુલનાથજી મંદિર, બાલાસિનોર ટ્રસ્ટી મંડળ**

---


# શ્રી ગોકુલનાથજી મંદિર, બાલાસિનોર

આગામી ફાગણ સુદ-૯ ને મંગળવાર તા. ૨૩-૩-૨૦૨૧ના રોજ સ્થાનિક વૈષ્ણવોના આગ્રહવશ આપણા માદરે વતન વાડસોલ બાલાસિનોરમાં ફગવા બગીચા ઉત્સવ શ્રી ગોકુલનાથજી મંદિર, બાલાસિનોર દ્વારા ઉજવવાનું સમગ્ર ટ્રસ્ટી મંડળે નક્કી કરેલ છે. કોવીડ-૧૯ ની પરીસ્થિતીને અનુલક્ષીને તેમજ સરકારની તમામ ગાઈડલાઈન્સના ચુસ્ત પાલન સાથે આ ઉત્સવ ઉજવવાનું સર્વાનુમતે ઠરાવેલ છે.

**લી.**

**શ્રી ગોકુલનાથજી મંદિર ટ્રસ્ટ કમિટી ટ્રસ્ટી**

**મણીકાંતભાઈ કડકિયા**


METACOLOR
[GALVANISED COLOUR COATED SHEETS]
Mfg by : ESSAR STEEL INDIA LTD. - PUNE.
APPLICATIONS
ROOFING & CLADDING FOR
INDUSTRIAL PROJECTS, HOTELS, FARM HOUSES & BUNGALOWS
BISON PANEL
[CEMENT BONDED WOOD PARTICLE BOARD]
APPLICATIONS
PARTITIONS, FALSE CEILING, MEZZANINE FLOOR, WALL CLADDING,
WALL PANELING, SITE CABIN, PREFAB HOUSES & TRANSIT CAMPS
METACOLOR
Authorised Dealers / Distributors
Ralson International
Office: 401, Akruti Arcade, J. P. Road, Opp. Wadia School, Andheri (West), Mumbai - 400 058
Tel.: 022-66937019 / 65005943 • Telefax: 66937020
Rahul Dharia - 98200 59457 • Rohan Dharia: 98200 59487 • Email: ralson@bom5.vsnl.net.in

# સિમલાની બરફવર્ષામાં રાત્રે પ્રગટેલું મમતાનું એક ઝરણું

✍ પ્રવીણભાઈ દેસાઈ

એનું નામ કાલિન્દી છે. કાલિન્દી દિલ્હી-નોઈડામાં રહે છે. એના જીવનનાં કેટલાંક વર્ષો પૂર્વેની કહાણી યાદ કરતાં કહે છે : 'મારા લગ્નને હજી દસ જ દિવસ થયા હતા. અમે બેઉ હનીમૂન મનાવવા સિમલા ગયાં હતાં. મારા લગ્ન ડિસેમ્બરમાં થયેલા હોવાથી સિમલામાં બર્ફીલી ચાદર છવાઈ ગઈ હતી. મોસમ મસ્ત મસ્ત હતી. મેં મારી જિંદગીમાં પહેલી જ વાર બરફ વર્ષા જોઈ હતી. અવકાશમાંથી વરસતા બરફના ગોળાનું એ દ્રષ્ય મનમોહક હતું. હું બાલ્કનીમાં ચાલી ગઈ. ઠંડીની પરવા કર્યા વિના કુદરતના નજારાને નિહાળી રહી.

મને બહાર રસ્તા પર જવાનું મન થયું. હું અને મારા પતિ બર્ફીલા રસ્તા પર કેટલીયે વાર ઘૂમ્યાં. થાકીને હોટેલ પર પાછાં આવ્યા. રૂમમાં જઈ કપડાં બદલ્યાં. ઈન્ટરકોમ પર ચાનો ઓર્ડર આપ્યો. ઠંડીમાં ફરવાના કારણે મારું માથું દુખવા લાગ્યું હતું. મેં મારા પતિને કહ્યું,'મારાથી સહન થતું નથી. મને સેરિડોન લઈ આપોને !'

મારા પતિ તરત જ ફરી વસ્ત્રો બદલી વરસતા બરફમાં કોઈ ડ્રગસ્ટોરની ખોજમાં નીકળી પડયા. હું મારા રૂમમાં બેઠાં બેઠાં તેમની રાહ જોતી હતી. હું એકલી હોઉં ત્યારે ભવિષ્યનાં સપનાં જોતી હોઉં છું. મને બાળકો બહુ જ ગમે છે. હું પણ મારા ભાવિ બાળકો, તેમનો અભ્યાસ વગેરે બાબતો પર વિચાર કરવામાં ખોવાઈ ગઈ. હું તેમને કેવું ભણાવીશ, પરણાવીશ એવા એવા વિચારો પણ કરવા લાગી.

એટલેમાં ચા આવી ગઈ.

મેં ચા પી લીધી. હું થાકી ગઈ હતી. પલંગમાં આડી પડી અને સપનાં જોતાં જોતાં જ ઝોકું આવી ગયું. અચાનક મારી આંખ ખૂલી તો ખબર પડી કે મારા પતિને બહાર ગયે બે કલાક થઈ ગયા છે. પણ હજી સુધી હોટેલ પર પાછા આવ્યા નથી. મને ચિંતા થવા લાગી. દવાની દુકાન તો હોટેલની નજીકમાં જ હતી. તો આટલો બધો સમય કેમ લાગ્યો હશે ? મને ગભરાટ થયો. ચિંતા થવા લાગી કે કાંઈક અજુગતું તો નહીં હોય ને ? મને ખરાબ ખરાબ વિચારો આવવા લાગ્યા. દિલ્હીથી સિમલા આવવા નિકળ્યા ત્યારે બિલાડી આડી ઊતરી હતી તે પણ મને યાદ આવ્યું.

હું તરત જ રિસેપ્શન પર ગઈ સહેજ દૂર દવાની દુકાન ક્યાં છે તેની પૂછપરછ કરી. દોડીને હું બાજુમાં જ આવેલા ડ્રગ સ્ટોર્સ પર ગઈ. ત્યાં જઈને પૂછયું, 'મારા હસબન્ડ અહીં સેરિડોન લેવા આવ્યા હતા ?'

સ્ટોરવાળાએ કહ્યું, 'હા.... પણ એ તો સેરિડોન લઈને ગયાને દોઢ કલાક થઈ ગયો.'

હું હાંફળી ફાંફળી થઈ ગઈ. આસપાસનાં બજારો હું ઘૂમવા લાગી. ક્યાંયે મારા હસબન્ડ દેખાતા નહોતા. હવે તો ત્રણ કલાક થઈ ગયા. ફરીને પાછી હોટેલ પર આવી ગઈ.

રાત પડી ગઈ.

બહાર સ્ટ્રીટલાઈટો પ્રજ્વલિત થઈ. હું મારા રૂમનું બારણું ખુલ્લું રાખીને એકીટશે બારણા પર નજર રાખીને બેસી રહી. મારું હૃદય હવે જોરજોરથી ધબકવા લાગ્યું હતું. સિમલામાં અમારું કોઈ સગું વહાલું કે મિત્ર નહોતું. મેં હોટેલ મેનેજરને વાત કરી. તે પણ કહેવા લાગ્યો કે, દવા લઈને આવવામાં આટલી વાર લાગવી ના જોઈએ. છતાં એણે મને સાંત્વના આપી : 'હું છોકરાઓને તપાસ કરવા બહાર મોકલું છું.'

મેં દિલ્હી ફોન કરી જાણ કરવા વિચાર્યું, પણ મને લાગ્યું કે, મારાં સાસરિયાં ગભરાઈ જશે. એટલી વારમાં મારા રૂમમાં ટેલિફોનની ઘંટડી રણકી ઊઠી. રિસેપ્સનિસ્ટે

# SWETA ELECTRIC CORPORATION

**71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002**

**TEL NO.: 22087171 / 22088662 / 65207269**


**Email: sweta@xlelectricals.com**

**PRAFUL SHAH : MOB: 98339 25359**


## AUTHORISED DEALERS

dowell's®

AN ISD 9001 - 20001 CERFIED CO



BRASS CABLE GLANDS



LAUG AND TOOLS

કહ્યું, 'મેડમ આપકા ફોન હૈ, નીચે આના પડેગા. દૂસરી લાઈન પર ફોન આયા હૈ. આપકો નીચે આના પડેગા.'

હું ગભરાઈ ગઈ. મારા પગ પાણી પાણી થઈ ગયા. હું દોડતી નીચે ગઈ. મેં પૂછયું : 'ક્યાંથી ફોન છે. ?'

રિસેપ્શનિસ્ટે કહ્યું, 'પુલીસ સ્ટેશન સે ફોન હૈ.'

મારા પગ હવે કામ કરતા નહોતા. મને ખ્યાલ આવી ગયો કે કાંઈ અશુભ બની ગયું છે. મેં ફોનનું રિસીવર ઉપાડયું. કેટલીયે વાર સુધી કોઈ બોલ્યું નહીં. મેં હલો હલો કહેવાનું ચાલું રાખ્યું. રિસેપ્શનિસ્ટને ખ્યાલ આવી ગયો કે કાંઈક ગરબડ થઈ છે. એણે મારા હાથમાંથી ફોન લઈ લીધો. એ દરમિયાન સામેથી આવેલા ફોન પર રિસેપ્શનિસ્ટ વાત કરવા લાગ્યો. કોઈ ગંભીર વાત હતી. રિસેપ્શનિસ્ટ શાંતિથી વાત સાંભળી રહ્યો. ઈન્સપેક્ટર કાંઈક કહી રહ્યો હતો. પૂરી એક મિનિટ સુધી વાત ચાલી. એ સાઠ સેકન્ડસ મારા મારે સાઠ કરોડ વર્ષ જેટલી હતી. હું સમજી ગઈ કે, કોઈ ગંભીર વાત છે. રિસેપ્શનિસ્ટે મને ફોન આપતાં કહ્યું, 'લિજિયે, આપ બાત કર લો.'

પણ હવે મારામાં હિંમત નહોતી. હું ફરી ફોનનું રિસીવર હાથમાં લઉ તે પહેલાં જ જબરજસ્ત માનસિક તનાવના કારણે હું બેભાન થઈ ગઈ.

કેટલીક વાર પછી મારી આંખો ખૂલી તો મને ખબર પડી કે હું હોટેલના મારા રૂમમાં હતી. મારા પતિ મારી બાજુમાં જ બેઠેલા હતા. તેમની બાજુમાં હોટેલના મેનેજર અને એક ડૉક્ટર પણ ઊભા હતા. મને હોંશમાં આવેલી જોઈ તેઓના ચહેરા પર સ્મિત આવ્યું અને થોડીવારમાં જ તેઓ બહાર નીકળી ગયા.

હું મારા રૂમમાં હું અને મારા પતિ જ હતા. હું એમને વળગી પડી. અમારાં લગ્નને હજી દસ જ દિવસ થયા હતા, પરંતુ મને દસ જન્મ જેટલો સમય પસાર થઈ ગયો હોય એમ લાગ્યું. હું એમના ખોળામાં માથું નાંખી રડવા લાગી. તેમનો હાથ મારી પીઠ પર ફરી રહ્યો હતો. પણ હું તો હજી હીબકાં જ ભરી રહી હતી.

અચાનક મારી નજર રૂમના એક ખૂણામાં મૂકેલા એક પારણા તરફ પડી. એ જોઈને હું ચોંકી ગઈ. હું એકદમ બેઠી થઈ ગઈ. સ્વસ્થ થતાં જ હું ઊભી થઈ એ પારણા તરફ ગઈ. મેં જોયું તો અંદર એક નવજાત શિશુ ગરમ કામળીમાં વીંટાળાયેલું હતું. બાળક નિંદર માણી રહ્યું હતું. હું હતપ્રભ બની એ નવજાત શિશુને જોઈ રહી.

મારી જિજ્ઞાસાને પામી જતાં મારા પતિ ઊભા થઈ મારી પાસે આવ્યા. મને પકડીને પલંગમાં બેસાડી. તેઓ સામેની ખુરશીમાં બેઠા.

એમણે ધીમેથી વાત શરૂ કરી : 'હું તારા માટે જ્યારે દવા લેવા નિકળ્યો ત્યારે બરફવર્ષા અટકી ગઈ હતી પરંતુ ઠંડા પવનનું જોર વધ્યું હતું. અંધારુ થવા આવ્યું હતું. રસ્તા પણ સૂમસામ થવા લાગ્યા હતા. હું ડ્રગ સ્ટોર પર ગયો. તારા મારે સેરિડોન લીધી. પાછો હોટેલ તરફ આવવા નિકળ્યો ત્યારે રસ્તા પર મેં નાનકડા બાળકના રડવાનો અવાજ સાંભળ્યો. હું ચોંકી ગયો. મેં ફરી બાળકના રડવાનો અવાજ સાંભળ્યો. મેં આમતેમ નજર ફેંકી. મારી નજર રસ્તા પર મૂકેલા એક ડસ્ટબિન પર ગઈ. હું ડસ્ટબિન તરફ ગયો. મેં અંદર નજર કરી તો હું ચોકી ગયો. કચરાપેટીમાં કોઈ તાજું જ જન્મેલું નવજાત શિશુ મૂકી ગયું હતું. તેની આસપાસ ગરમ કામળી લપેટેલી હતી. મેં તરત જ નવજાત શિશુને ઉઠાવી લીધું. મેં જોયું તો એક નાનકડી બાળકી હતું. બાળકીના હાથમાં તો મેં લઈ લીધી, પણ હું ગભરાયો. બાળકીનું શરીર ઠંડીના કારણે સાવ ઠરી ગયું હતું. હું સીધો જ એને લઈ નજીકની હોસ્પિટલમાં દોડયો. ડૉક્ટરોએ નવજાત શિશુને તપાસી તેને દવા પીવરાવી. અને એક વધુ સારી ગરમ શાલમાં લપેટી આપ્યું. ડૉક્ટરોએ મને પોલીસ સ્ટેશન જવા સલાહ આપી. હું બાળકીને લઈ પોલીસ સ્ટેશન પહોંચ્યો.

KAYCEE KI

pla

BRISK®

RGK MARQUARDT

MET™

MODY ELECTRO TRADERS
M. C. MODY & BROS. (E.D.)

VIRAL™

select

BOHMEN

HIKSON

CE

ETI

UPGREEN CORPORATION®

ELMECO®

ALTOS ELECTRONICS

Off.: 125 'A' Maskati Mahal, Lohar Chawl, Mumbai - 400 002

Off.: 22080026, 22061909, 22054803 - Fax : (91-22) 22084703
Email: sales@modyelectraders.com ⁙ www.modyelectrotraders.com

પોલીસ ઈન્સપેક્ટરને મેં બધી વાત કરી. ઈન્સ્પેક્ટરે કહ્યું, 'બાળકનો અમે કબજો તો લઈ લઈશું.' પણ મેં કહ્યું, 'આ બાળકી પ્રત્યે મને લાગણી થઈ આવી છે તે તમે મને જ આપી દો ?' પરંતુ ઈન્સ્પેક્ટરે કહ્યું, 'બાળક તમને સોંપવું હોય તો પણ મારે કાનૂની કાર્યવાહી કરવી પડે. કોર્ટમાંથી ઓર્ડર્સ લેવા પડે.' પરંતુ મેં એ ઝંઝટથી દૂર રહીને વ્યવહારું બનવા વિનંતી કરી. પોલીસ અધિકારીએ માનવીય વલણ દાખવ્યું. એમણે મને પૂછયુ : 'આ બાળકીને તમે ખરેખર ઉછેરશો ?' મેં હા પાડી. એમણે મને કહ્યું : 'જુઓ, કોઈ આ બાળકીને અનિચ્છનીય સમજીને ફેંકી ગયું છે, પરંતુ તમારી લાગણી જોઈ હું તમને સોંપું છું. આખીયે વાત આપણા પૂરતી જ સિમિત રાખું છું. તમે એની હિફાજત કરજો.' આ બધી કામગીરી પૂરી કરતાં મને ત્રણેક કલાક લાગી ગયા. 'મને તારામાં શ્રધ્ધા છે કે આ બાળકીને ઉછેરવામાં તું મને મદદ કરીશ.'

હું તરત જ પલંગમાંથી ઊભી થઈ. દોડીને પારણા તરફ ગઈ. મેં પારણામાંથી નવજાત બાળકીને ઉઠાવી લીધી અને મારી છાતી સાથે એને ચાંપી દીધી. મારા શરીરની ગરમાહટથી બાળકીએ એક કિલકારી કરી અને ફરી ઊંઘી ગઈ.

એ જાગી ત્યારે મારી અમે મારા પતિની દુનિયા બદલાઈ ગઈ હતી. અમે એ દીકરીનું નામ મમતા પાડયું. આજે મારી દિકરી મમતા હવે ડૉ. મમતા છે. નોઈડામાં સફળ તબીબોમાં એનું નામ છે. એના બે નાના ભાઈઓ જે મારી કૂખે જન્મયા છે. તેમને તે સગા ભાઈઓ કરતાંયે વધુ પ્યાર કરે છે. મમતાના આવ્યા પછી અમારા જીવનમાં ખુશિયાં જ ખુશિયાં છે.

અને કાલિન્દી તેની વાત પૂરી કરે છે. **– સંકલન**


Rakesh Dharia - 9819685882

- Civil
- Painting
- P.O.P.Work
- Fabricators
- Carpenter
- Aluminium
- Electric

*Krish* INTERIORS

A-604, Saraswati C.H.S.Ltd.
C.S.Road No.4, Near Shakti Nagar
Dahisar (East),
Mumbai - 400068

ગોપાલ જયંતિલાલ ભટ્ટ (ગોર)

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**

**Sankalp Astrologist & Palmist**

તથા



**દક્ષેસ ભટ્ટ**



જ્યોતિષ ને લગતું દરેક કાર્ય, જન્માક્ષર મેળાપક, હસ્તોત્રી પત્રિકાના, ગ્રહોના જાપ અનુષ્ઠાન, લગ્ન, ગ્રહશાંતિ, વાસ્તુશાંતિ, જ્યેષ્ઠા શાંતિ, આશ્લેષાશાંતિ, મુળશાંતિ, કાલસર્પદોષ શાંતિ, પિતૃદોષ શાંતિ, શ્રીમંત સંસ્કાર, નવચંડી, નારાયણ બલિ, ડાઉઝીંગ ટેલિથેરીપી દ્વારા વિવિધ પ્રશ્નનું યોગ્ય માર્ગદર્શન તથા મહાપૂજાનું વેદોક્ત પુરાણોક્ત શાસ્ત્રોકાર અને પુષ્ટિ માર્ગ વિધિ થી સંતોષ પૂર્વક કાર્ય કરનાર.

**૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,**
**બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ – ૪૦૦ ૦૦૬**
**પીપળા શેરી, બજારમાં-બાલાસિનોર ફોન : ૦૨૬૯૦ ૨૬૭૦૪૯।**
**Email :** gopaljbhatt@yahoo.co.in ● bhattgopal59@gmail.com

**✆ : ૨૩૬૭ ૩૪૯૯, ૨૩૬૧૩૬૨૨**
**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**

# ચાલો સ્નાન કરવા કુંભમેળામાં

✍ તંત્રી મંડળ તરફથી

આ વર્ષે એટલેકે તમે આ વાંચી રહ્યાં છો ત્યારે ૧૪ જાન્યુઆરી ૨૦૨૧ થી કુંભ મેળાના આયોજનની શરૂઆત કરી દેવામાં આવી છે. હરિદ્વારમાં ગંગા કિનારે લાખો શિશ નમે છે. આ વિશ્વાસ અને આધ્યાત્મિકતાનો વિશ્વનો સૌથી મોટો મેળાવડો છે જે કુંભ મેળા તરીકે ઓળખાય છે. શાસ્ત્રો અનુસાર નક્ષત્ર અને રાશિ સંકેતો નક્કી કરે છે કે કુંભ કયા કયા ચાર સ્થળોએ થવો જોઈએ. આ ચાર સ્થળોમાં હરિદ્વારમાં ગંગા તટ, પ્રયાગરાજમાં ગંગા-યમુના-સરસ્વતીનો સંગમ, નાસિકમાં ગોદાવરીને કિનારે અને ઉજ્જૈનમાં શિપ્રા નદી છે. ગ્રહોની આશ્ચર્યજનક હિલચાલ અને કોરોનાને લીધે આ વખતે હરિદ્વારનો કુંભ મેળો પ્રભાવિત થઈ રહ્યો છે અને તે આ વર્ષે ૧૧ માં વર્ષે થઈ રહ્યો છે. સામાન્ય રીતે દર ૧૨ વર્ષે તેને ઉજવવાની પરંપરા છે. જ્યોતિષ શાસ્ત્રો અનુસાર મેષ રાશિમાં કુંભ અને સૂર્યમાં ગુરુનું આગમન આવો સંયોગ બનાવે છે. આ વખતે ૧૧ માર્ચે શિવરાત્રીના અવસર પર કુંભ મેળાનું ૨૦૨૧નું પહેલું શાહી સ્નાન કરાશે. ત્રીજું મુખ્ય શાહી સ્નાન મેષ સંક્રાંતિ નિમિત્તે ૧૪ એપ્રિલના રોજ થશે. કોરોનાના રોગચાળાને કારણે આ વખતે કેટલાક પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. આ વખતે કુંભ મેળો માત્ર ૪૮ દિવસનો રહેશે. જે સામાન્ય રીતે ૧૨૦ દિવસ સુધી મનાવવામાં આવે છે. આમાં ૧૩ અખાડાનાં લોકો મોટી સંખ્યામાં એકઠા થાય છે અને કુંભ સ્નાન સહિત અન્ય ધાર્મિક કાર્યો પણ કરવામાં આવે છે.

કુંભ મેળા ૨૦૨૧ની શુભ તારીખો ૧૧ માર્ચ ૨૦૨૧ શિવરાત્રી, ૧૨ એપ્રિલ ૨૦૨૧ સોમવતી અમાવસ્યા, ૧૪ એપ્રિલ ૨૦૨૧ મેષ સંક્રાંતિ, ૨૭ એપ્રિલ ૨૦૨૧ વૈશાખી પૂર્ણિમા છે.

**કુંભ સ્નાનનું મહત્વ**

ધાર્મિક માન્યતાઓ અનુસાર, હરિદ્વાર કુંભ મેળા દરમિયાન પવિત્ર ગંગા નદીમાં સ્નાન કરવું શુભ છે. એવું માનવામાં આવે છે કે આ દરમિયાન ગંગામાં ત્રણ ડૂબકી લગાવવાથી બધા પાપોનો નાશ થાય છે અને લોકોને મોક્ષ મળે છે.

**પૌરાણિક કથાઓ મુજબ**

દેવતાઓ અને દાનવો હંમેશા કોઈપણ કારણોસર એકબીજા સાથે લડતા હતા. અમૃતની શોધ માટે દેવ-દાનવ બંન્ને સાથે મળીને ક્ષીર સાગરનું મંથન કરવા એકબીજા સાથે સંમત થયા હતા. અમૃત પ્રાપ્ત થાય તેનાં બે હિસ્સામાં વહેંચણી કરી લેવી એમ નક્કી કરવામાં આવ્યું. આમ મંદાર પર્વતને વલોણું બનાવી વાસુકી નાગને દોરી બનાવી ક્ષીર સાગરનું મંથન શરૂ થયું. દેવતાઓને નાગની પૂંછ પકડી જ્યારે દાનવોને ભાગે નાગરાજ વાસુકીનું મુખ આવ્યું. સમુદ્રમંથન દરમિયાન સૌ પ્રથમ હળાહળ વિષ નિકળ્યું. આ હળાહળ વિષ દેવોના દેવ મહાદેવે પીધું. આ વિષ પિતા થોડાક છાંટા પૃથ્વી પર પડયાં જેને કારણે ઝેરીલા પ્રાણીઓની ઉત્પત્તિ થઈ. સમુદ્રમંથન દરમિયાન મંદાર પર્વત નીચે ગરકવા માંડયો ત્યારે ભગવાન વિષ્ણુએ કછપ (કાચબા) નો અવતાર લઈ મંદાર પર્વતને પોતાની ઢાલ જેવી પીઠ પર ઝીલી લીધો. આમ ૧૦૦૦ વર્ષના સમુદ્ર મંથન બાદ ભગવાન ધનવંતરી પોતાના હાથમાં અમૃતનો કુંભ લઈ પ્રગટ થયા. દાનવોથી ચિંતિત દેવતાઓએ અમૃતકુંભ ધનવતંરીના હાથમાંથી લઈ બૃહસ્પતિ, સૂર્ય, શનિ અને ચંદ્રને સોંપી દીધો. દાનવોને આ વાતનું જ્ઞાન થતાં તેઓ ૧૨ દિવસ અને ૧૨ રાત સુધી દેવતાઓનો પીછો કર્યો. એમ કહેવાય છે કે જ્યારે સમુદ્ર મંથન સમયે દેવ-દાનવોના કંકાશને શાંત કરવા માટે ભગવાન વિષ્ણુએ મોહિની રૂપ ધારણ કર્યું અને બધાને અમૃત વહેંચીને

પીવડાવ્યું હતું અને આ રીતે દેવ-દાનવના યુદ્ધનો અંત થયો હતો. આ દરમિયાન અમૃત ભરેલા કુંભમાંથી થોડાંક ટીપાં ચાર સ્થાન પર પડયાં તે સ્થળો એટલે અલ્હાબાદ, હરિદ્વાર, ઉજ્જૈન અને નાસિક.

આમ પૌરાણિક કથાઓ મુજબ દેવતાઓના ૧૨ દિવસ માનવ માટે ૧૨ વર્ષ ગણાય છે. આથી આ ચાર ધામ પવિત્ર ગણાય છે અને આ દરેક ધામમાં દર ૧૨ વર્ષે કુંભ મેળો ભરાય છે. નાસિકમાં ગોદાવરીને કિનારે, ઉજ્જૈનમાં ક્ષીપ્રા નદીને કિરાને, હરિદ્વારમાં ગંગા નદીને કિનારે, અલ્હાબાદમાં ગંગા-યમુના-સરસ્વતી નદીઓનાં ત્રિવેણી સંગમના કિનારે કુંભમેળા ભરાય છે. અહીં આ દિવસો દરમિયાન લાખો ભક્તો પવિત્ર સ્નાનનો લ્હાવો લે છે. કહેવાય છે કે આ પવિત્ર સ્નાનથી જન્મો જનમનાં પાપ ધોવાય છે. માત્ર ભાગ્યશાળીઓને આવા સ્નાનનો લ્હાવો લેવા મળે છે.

કુંભ મેળા ત્રણ પ્રકારના હોય છે. અર્ધ કુંભ મેળો, કુંભ મેળો અને મહાકુંભ મેળો. અર્ધ કુંભ મેળાનું આયોજન દર ૬ વર્ષે કરવામાં આવે છે. કુંભ મેળાનું આયોજન દર ૧૨ વર્ષે કરવામાં આવે છે, જ્યારે મહાકુંભ મેળાનું આયોજન આશરે ૧૪૪ વર્ષમાં એક વખત થાય છે. કુંભ મેળાનું આયોજન ૧૨ વર્ષે એટલા માટે થાય છે કે જ્યોતિષી દ્રષ્ટિકોણથી ગુરુ ગ્રહ એક રાશિમાં આશરે ૧ વર્ષ રહે છે. એવામાં ૧૨ વર્ષ પછી તે તેની રાશિમાં પહોંચે છે. આમ તે વર્ષે કુંભ મેળાનું આયોજન કરવામાં આવે છે.

કુંભ મેળો એ એક ભારતીય પરંપરા છે. તેમાં ચાર કુંભ મેળા આપણી ધરતી ઉપર અને આઠ કુંભ મેળા દેવલોકમાં થાય છે. જાણો આવું કેમ થાય છે? કુંભ મેળાની ભારતીય પરંપરા ફક્ત એક મેળાના રૂપમાં જ નહી પણ એક ઉત્સવના રૂપમાં થાય છે. આ એવો મેળો છે જ્યાં લોકો શ્રધ્ધાના સાગરમાં ડૂબકી લગાવી ભગવાન શિવની ઉપાસન કરે છે. પરંતુ આજે લોકો સંપૂર્ણ રીતે કુંભ મેળાની માન્યતાઓ તેની સાથે જોડાયેલ ઈતિહાસ અને તેના મહત્વને સમજી નથી શકતા. હિન્દુ ધર્મનું સૌથી મહત્વપૂર્ણ પર્વ છે, એટલું જ નહી કદાચ લોકો એ પણ નથી જાણતા કે વાસ્તવમાં કેટલા કુંભ મેળા પ્રચલિત છે.

ભારતમાં ફક્ત ચાર સ્થળ એવા છે જ્યાં કુંભ મેળાનું મોટા પાયે આયોજન કરવામાં આવે છે. પણ શું તમે ક્યારેય જાણવાનો પ્રયત્ન કર્યો કે ફક્ત ચાર સ્થળ જ કેમ તમારા તમામ સવાલોના જવાબ એક પૌરાણિક કથા સાથે જોડાયેલી છે. ભારતમાં અનાદિ કાળથી પુરાણો અને શાસ્ત્રોમાં વર્ણવ્યા અનુસાર કુંભ ચાર તીર્થમાં યોજાય છે. પ્રયાગ, હરિદ્વાર, ઉજ્જૈન અને નાસિક-ત્ર્યંબકેશ્વરમાં કુંભમેળાનું આયોજન થાય છે. એક તીર્થમાં


**દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)**

(જ્યોતિર્વિદ-મુંબઈ)

**Sankalp Astrologist & Palmist**

તથા

**જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.**

**મો. – ૯૫૯૪૩૨૬૨૦૨**
**ઘર : ૦૨૨–૨૮૯૦૪૧૦૩**

૧૨ પૂર્ણ કુંભ મેળા થાય ત્યારે એક મહાકુંભ મેળો યોજવામાં આવે છે. (૧૨ વર્ષ ગુણ્યા ૧૨ કુંભનું પરિણામ ૧૪૪માં વર્ષમાં કરવામાં આવે છે) માટે ૧૪૪ માં વર્ષે મહાકુંભ મેળો યોજાય છે. કુંભમેળાનો એક માત્ર ઉદ્દેશ નિર્ધારિત પવિત્ર કાળમાં નિર્ધારિત પવિત્ર દિવસે અહીંની પવિત્ર નદીમાં પવિત્ર સ્નાન કરીને પાપ અથવા પૂર્વ કર્મો ધોઈને મોક્ષની પ્રાપ્તિ માટે પ્રયાસ કરવો બાર દિવસ બાર વર્ષ સમાન આ કથા મુજબ અમૃત પ્રાપ્તિ માટે દેવ-દાનવોમાં બાર દિવસ સુધી યુદ્ધ થયું હતું. પરંતુ પૃથ્વીલોકમાં સ્વર્ગલોકનો એક દિવસ એક વર્ષ મુજબ માનવામાં આવે છે એટલે કુંભ પણ બાર હોય છે. તેમાંથી ચાર કુંભ પૃથ્વી પર હોય છે અને બાકીના આઠ કુંભ દેવલોકમાં હોય છે. મનુષ્ય જાતિને અન્ય આઠ કુંભ ઉજવવાનો અધિકાર નથી. આ કુંભ એ જ લોકો ઉજવી શકે છે જેને દેવતાઓના સમાન શક્તિ તથા યશ પ્રાપ્ત હોય. આ જ કારણ છે કે બાકીના આઠ કુંભ દેવલોકમાં ઉજવવામાં આવે છે. સ્કંદ પુરાણ મુજબ કુંભ મેળા દરમિયાન ભક્તિભાવપૂર્વક સ્નાન કરવાથી જેમની જે ઈચ્છાઓ હોય છે તે નિશ્ચિતરૂપથી પૂર્ણ થાય છે. અગ્નિપુરાણમાં કુંભ મેળાને ગૌ દાન સાથે પણ જોડવામાં આવે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે આ ઉત્સવમાં શ્રદ્ધાપૂર્વક સ્નાન કરવાથી એવું જ ફળ પ્રાપ્ત થાય છે જે કરોડો ગાયોનું દાન કરવાથી મળે છે. સ્વર્ગ પ્રાપ્તિના દ્વાર ભવિષ્ય પુરાણ મુજબ સ્નાનના પુણ્ય સ્વરૂપે સ્વર્ગ મળે છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ જ બધી માન્યતાઓનું પરિણામ છે કે કુંભ મેળા દરમિયાન ખાસ કરીને વિશેષ સ્નાન તિથિઓનું આયોજન કરવામાં આવે છે. મૂહૂર્ત મુજબ ખાસ તિથિઓ કાઢવામાં આવે છે. જેના આધારે મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ સ્નાન તટ પર એકત્ર થાય છે તથા પોતાના પાપનું વિસર્જન કરે છે. ✣✣✣


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોક્ત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**

**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**





NIRAV

Photo Arts

• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY

• DESIGNER ALBUM • ONLINE VISION MIXING

• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY

• STUDIO SETUP • VIDEO HIGHLIGHT

• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB

• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR

• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND

Nirav Parekh / Harshad Parekh

9322515351 / 28282773 / 9821376776

304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776

E-mail : niravphoto@yahoo.com

# રાવણના મદનો નાશ

રાવણ ઉપર પરમાત્મનો અનુગ્રહ થયો, તે બતાવીને હવે તેને અભિમાની થવાથી કેવી રીતે શિક્ષા થઈ: તે બતાવે છે.

**अमुष्य त्वत्सेवासमधिगतसारं भुजवंन**
**बलात्कैलासेऽपि त्वदधिवसतौ विक्रमयत : ।।**
**अलभ्या पातालेऽप्यलसचलिताङ्गुष्ठशिरसि**
**प्रतिष्ठा त्वय्यासीद् ध्रुवमुपचितो मुह्यति खलः ।।१२।।**

રાવણે તમારી ભક્તિ કરી પોતાની વીસ ભુજાઓમાં મજબૂતાઈ મેળવી હતી અને તેથી તેણે તમારા નિવાસસ્થાન કૈલાસમાં પણ (તેને ઊંચકીને લઈ જવા) પોતાની એ ભુજાઓનું પરક્રમ ચલાવ્યું હતું; તે વેળા તમે (પર્વત ઉપર પગના) અગૂંઠાનો છેડો સહેજ દબાવ્યો, ત્યારે રાવણની સ્થિતિ, પાતાળમાં પણ દુર્લભ થઈ ગઈ હતી, ખરેખર! સમૃદ્ધિમાન થયેલો દુષ્ટ પુરુષ મોહ પામે છે (છકી જાય છે).

રાવણની માતાનું નામ કૈકસી હતું. તે હંમેશા પ્રાતઃકાળે સમુદ્રસ્નાન કરીને, ત્યાં જ બેસી પાંચ ધાન્યના લોટનું શિવલિંગ બનાવીને હથેળીમાં રાખીને, તેની ષોડશોપચાર પૂજા કરતી. નિત્યના નિયમ પ્રમાણે તે એક દિવસ એ પૂજા કરી રહીને ધ્યાનમાં બેઠી હતી, ત્યાં રાક્ષસના વેશમાં ઈંદ્ર આવ્યો અને તેણે કૈકસીના હાથમાંથી શિવલિંગ ધીમેથી લઈ લીધું ને સમુદ્રમાં ફેંકી દીધું. શિવલિંગ લોટનું બનાવેલું હતું. છતાં કૈકસીની ભક્તિથી દ્રઢ થયેલું હતું. જેથી તેનો નાશ કરી નાખવામાં સમુદ્ર ફાવ્યો નહિ. તેણે તંરગો વડે તે ઉછાળીને કાંઠી લાવીને મૂક્યું. પણ તે ઘણે છેટે પડેલું હોવાથી (ધ્યાન પૂરું થતાં. શોધતી કૈકસીને) તે હાથ લાગ્યું નહિ. કૈકસી શોકાતુર બની ગઈ અને પોતાની નિત્યનિયમમાં ભંગ થવાથી શોક કરવા લાગી. એ સાંભળી રાવણ ત્યાં આવ્યો અને બોલ્યો : ‘હે માતા! તમે શોક કરશો નહિ. આપણે ત્યાં એક રત્નનું શિવલિંગ છે, તેની તમે પૂજા કરજો. તમારા હાથમાંથી ગયેલું શિવલિંગ હવે હાથ લાગવાનું નથી.’ કૈકસીએ કહ્યું : ‘પુત્ર! શંકરના આત્મિલંગ સિવાય બીજું કોઈ પણ પાર્થિવ લિંગ મને ઈષ્ટ નથી, તેથી જ હું મારા હાથથી બનાવેલું પાર્થિવ લિંગ (આત્મલિંગનું પ્રતીક માનીને) પૂજતી હતી. મારું પાર્થિવ લિંગ જો મને નહિ મળે, તો હું પ્રાણનો ત્યાગ કરીશ; કેમ કે પાર્થિવપૂજાનો ભંગ અશુભકારક છે.’ આમ માતાનું નિશ્ચયપૂર્વકનું બોલવું સાંભળી રાવણે કહ્યું : ‘હે માતા! હું હમણામાં જ કૈલાસ પર્વત ઉપર જાઉં છું અને સાક્ષાત શિવને જ અહીં કૈલાસ સાથે ઉપાડી લાવું છું.’ એમ કહી રાવણ ઊપડયો. તેણે કૈલાસ આગળ આવીને પોતાના બાહુબળની પરીક્ષા કરવા સારુ કૈલાસ ઊંચકવા વિચાર કર્યો. તે મહાપરાક્રમી હતો, તેણે પોતાના વીસેય બાહુઓ વડે કૈલાસને હચમચાવી મૂક્યો ત્યારે પાર્વતી ભયભીત બની શંકરને પૂછવા લાગ્યાં : ‘આ કૈલાસ કેમ કંપે છે?’ શંકરે કહ્યું : ‘એ તો આપણો બાળક રાવણ ક્રીડા કરે છે.’ ‘આવી ક્રીડા હોય? મને તો બહુ ભય લાગે છે !’ એમ પાર્વતીજી બોલ્યાં. પછી તો મહાદેવજીએ પાર્વતીનો ભય દૂર કરવા કૈલાસને સહેજ (લીલામાત્રથી) પગના અંગૂઠાના અગ્રભાગ વડે દબાવ્યો કે તરત જ રાવણ પાતાળમાં પેસી ગયો. પછી જ્યારે રાવણે દીનભાવે બહુ બહુ પ્રાર્થના કરી, ત્યારે શંકરે તેનો ઉદ્ધાર કર્યો. આવી પુરાણપ્રસિદ્ધ કથાના અનુસંધાનમાં શ્રીપુષ્પદંત કહે છે કે, ભગવાન, તમારી સેવના પ્રભાવે રાવણના બાહુમાં બળ પ્રાપ્ત થયું હતું; છતાં તમારા નિવાસસ્થઆન કૈલાસ ઉપર તેણે પોતાનું બળ અજમાવ્યું, પણ તમે અંગૂઠાનો અગ્રભાગ જરા દબાવ્યો, એટલામાં તો પાતાળમાં પણ તેની સ્થિતિ મુશ્કેલ થઈ પડી. તમારા અંગૂઠાના સહેજ દબાણમાં પણ આટલું બધું સામર્થ્ય છે કે, મહાબળી રાવણ પણ પાતાળમાં પેસી ગયો. અહીં કોઈ શંકા કરે કે, શંકરની કૃપાથી જ બળવાન બનેલો રાવણ શંકરને કેમ ભૂલી ગયો? તેના ઉત્તરમાં કહે છે કે, ખરેખર! સમૃદ્ધિ પામેલો દુષ્ટ પુરુષ પોતાના ઉપર ઉપકાર કરનારને પણ ભૂલી જાય છે. અરે! ઉપકારના બદલામાં અપકાર કરવા પણ તૈયાર થઈ જાય છે. આવી કૃતઘ્નતા દુષ્ટ મનુષ્ય વગર કોણ કરે? સારાંશ કે નીચ પુરુષને સમૃદ્ધિ મળે છે, એટલે એ પાછળની બધી આપત્તિ ભૂલી જઈ છેક છકી જાય છે.

# હિન્દુ ધર્મને વિશ્વભરમાં સ્વામી વિવેકાનંદએ ગૌરવ અપાવ્યુ

✍ **કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)**

**(જીવન-સંદેશ)**

આ મહામાનવનું નામ નરેન્દ્ર અને વૈશ્વિક નામ વિવેકાનંદ. પિતા વ્યવસાયે વકીલ હોવા છતાં કર્જમાં ડૂબેલા, પરંતુ ત્યાર અને માનવતાના ગુણો નાનપણમાંજ વિકસેલા. અનેક તત્વજ્ઞાતિઓનાં પુસ્તકોનો અભ્યાસ કર્યો અને ભોગી બનાવી નહીં, પણ કર્મયોગી બનવા જનમ્યા હતા.

મનમાં મથામથ હતી કે ઈશ્વર છે? કેવો હશે? તેઓને આત્મિક શક્તિથી પ્રભાવિત રામકૃષ્ણ પરમહંસને સીધો પ્રશ્ન 'તમે ભગવાનને જોયા છે?' ત્યારે રામકૃષ્ણજીએ નરેન્દ્રના મસ્તક પર હાથ મૂક્યો અને તેઓ ઉંડા ભાવની સમાધિમાં સરી પડયા અને સૂચક થયું કે નરેન્દ્ર તારે ઘણાં મહાન કાર્યો કરવાના છે અને સૂચન કે સમાધિના ચક્કરમાં હમણા ન અટવાતા તું અમીર નહીં પણ જ્ઞાનવાન અને પરમભક્ત થશે. તેમમે અમેરિકાથી વિશ્વધર્મ પરિષદથી આવ્યા પછી કન્યાકુમારીમાં મઢની સ્થાપના કરી.

અમેરિકામાં વિશ્વધર્મ પરિષદમાં તેમની વિશિષ્ટ અને તેજસ્વી પ્રતિભા જોઈ ઉપસ્થિત રહેવાની અને માત્ર ત્રણ મિનિટનો બોલવાનો સમય ફાળવવામાં તક મળી. 'લેડિઝ એન્ડ જેન્ટલમેન' ના સંબોધનને બદલે 'સિસ્ટર્સ એન્ડ બ્રધર્સ' ના સંબોધનથી આરંભ કરીને અમેરિકામાં સૌને મંત્રમુગ્ધ કર્યા. દુનિયાને સહિષ્ણુતા અને જાગૃતિ સ્વીકારવાની વાત શીખવાડી. અમે માત્ર વિશ્વધર્મ - સમભાવમાં જ માનીએ છીએ અને તમામ ધર્મો સાચા છે.

અમારે એવો ધર્મ જોઈએ છે કે તેણે દુનિયાના અનેક ધર્મોના ઉપક્ષિત અને નિર્વાસિતોને આશ્રય આપ્યો છે. એવું શિક્ષણ જોઈએ જે માનવને માનવ બનાવે. પ્રેરક સુવિચારો ને સંકલિત કર્યા અને પ્રસ્તુત કર્યા

(૧) ડરપોક અને નિર્બળ માણસો પાપ કરવા પ્રેરિત થાય છે. તેઓ અસત્યનો પણ સહારો લે છે. બહાદુર માણસો અને નીતિવાન, બહાદુર અને સહૃદયી બનવા પ્રેરિત હોય છે.


Dr. Shikha Dharia
B.D.S

DentVilla
The Complete Family Dental Care

**Treatments we offer are:**

• A complete dental consultation with digital x-ray.
• Complete prophylaxis (clean up) and gum care.
• Restoring of compromised tooth with fillings, root canal, crown and bridges, extraction, implants, dentures.
• Smile designing and esthetics.
• Complete prophylaxis for children.
• Dental Jewellary / Sport guard and snore guard / Silensor.

**Address:**
9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building, Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai: - 400 007.
**Contact: 8879088330**
Timings: 10.00am to 8.00 pm Monday to Saturday

(૨) ખંત, પચંડ અને દ્રઢશક્તિ સફળતા પ્રાપ્ત કરવા જરૂરી છે.
(૩) આપણાં એક તૃતીયાંશ દુઃખોનું મૂળ, શારીરિક નબળાઈ છે.
(૪) નિરંતર પવિત્ર વિચારો કરે રાખો. ખરાબ સંસ્કારોને દબાવવાનો એક માત્ર ઉપાય એ જ છે.
(૫) માત્ર ચારિત્ર જ મુશ્કેલીઓની વ્રજ જેવી દિવાલો તોડીને તેમાંથી માર્ગ કાઢે છે.
(૬) દરેક વ્યક્તિ અને પ્રજાને મહાન બનાવવા ત્રણ બાબતો આવશ્યક છે. શુભની શક્તિ વિશેની સંપૂર્ણ ખાતરી, ઈર્ષા અને આશંકાનો અભાવ અને જે લોકો સારા થવા કે સારુ કરવા પ્રયત્ન કરતા હોય તેને મદદ કરવી.
(૭) પ્રાચિન ધર્મો ઈશ્વરમાં ન માનવાને આસ્તિક કહેતા નવો ધર્મ કહે છે, જેને પોતાનામાં શ્રધ્ધા નથી તે નાસ્તિક છે.
(૮) જે ઈશ્વર કે ધર્મ, વિધવાના અશ્રુઓ લુછી ન શકે અથવા અનાથનાને રોટલાનું બટકું ન આપી શકે એવા ધર્મ કે ધર્મમાં હું માનતો નથી.
(૯) મહાન કાર્યો મહાન બલિદાનથી જ પાર પાડી શકે છે.
(૧૦) લોખંડી સ્નાયુઓ અને કુશાગ્ર બુધ્ધિનો સંયોગ થાય તો આખું જગત તમારા ચરણોમાં પડે.
(૧૧) જેમ મનુષ્ય વધારે મહાન હોય તેમ તેમને વધારે કપરી કસોટીમાંથી પસાર થવુ પડે.
(૧૨) શ્રધ્ધાવાન બનો, બહાદૂર બનો કારણ કે માણસ માત્ર એક જ વાર મરે છે. આપણે નિર્ભયતા બનવું પડે. આપણે જોઈએ છે સમાર્થ્ય, સામર્થ અને હર સમયે સ્વામથર્ય.

સ્વામીજી મંચ પર બોલવા બે મિનિટનો સમય અપાયો હતો. એકબાજુ પર વિવિધ ધર્મગ્રંથોને એક ઉપર એક મૂકવામાં આવ્યા હતા. તેમાં ગીતાનું સ્થાન સૌથી છેલ્લે હતું. કોઈએ સ્વામીજીનો ઉપહાસ કરતાં કહ્યું,'જુઓ તમારી ગીતાનું સ્થાન સૌથી નીચે છે' અર્થાત તેની યોગ્યતા અત્યંત કનિષ્ઠ પ્રકારની છે. સ્વામીજીએ કંઈ બોલ્યા વગર ગીતા ગ્રંથ ખસેડયો તો ઉપરના બધા ગ્રંથ પડી ગયા. સ્વામીજીએ કહ્યું,'ગીતા બધા જ ગ્રંથોનો પાયો છે. તેના પર બીજા ગ્રંથો પણ પડી જશે.' ગીતામાં કોઈપણ ધર્મનો સાર સમાયેલો જોવા મળશે. ગીતા એ કેવળ ભારતીય ગ્રંથ નથી પણ વૈશ્વિક ગ્રંથ છે. વર્તમાન સમયમાં ગીતા દીવાદાંડી છે. ✣✣✣

## સત્ય ઘટના

સન ૧૮૮૧ની વાત છે. એક પ્રોફેસરે ક્લાસમાં તેમના વિદ્યાર્થીઓને એક સવાલ કર્યો.... આ દુનિયામાં જે બધુ આપણે જોઈ રહ્યા છીએ તે કોણે બનાવ્યું છે ? શું પરમ કૃપાળુ પરમાત્માએ આ બધી રચના કરી છે ?

વિદ્યાર્થી - હા સાહેબ.

પ્રોફેસર - તો પછી શેતાનને કોણે બનાવ્યો ? શું શેતાન પણ પ્રભુએ જ બનાવ્યો છે ?

વિદ્યાર્થી એકદમ શાંત થઈ ગયો અને પછી તેણે પ્રોફેસરને એક વિનંતી કરી..

સાહેબ શું હું આપને પ્રશ્ન કરી શકું ? પ્રોફેસરે સમંતિ આપી.

વિદ્યાર્થી - શું ઠંડી જેવું કાંઈ હોય છે ?

પ્રોફેસર - ચોક્કસ હોય છે.

વિદ્યાર્થી - માફ કરજો સાહેબ. તમારો જવાબ ખોટો છે. ઠંડી લાગવી એ ગરમીની ગેરહાજરીનું પરિણામ છે.

વિદ્યાર્થીએ બીજો પ્રશ્ન કર્યો.

શું અંધારુ અસ્તિત્વ ધરાવે છે ?

પ્રોફેસર - હાસ્તો ધરાવે છે....

વિદ્યાર્થી - સાહેબ તમે આ વખતે પણ ખોટા છો... ખરેખર અંધારા જેવી કોઈ ચીજ છે જ નહી... ખરેખર તો અંધારૂ અજવાળાની ગેરહાજરી છે. જેવું અજવાળુ આવશે એટલે તરત જ અંધારૂ ગાયબ થઈ જશે.

સાહેબ આપણે રોજ પ્રકાશ અને ગરમીનો અભ્યાસ કરીએ છીએ પણ ઠંડી અને અંધારો કરતા નથી.

તેવી જ રીતે સેતાનની કોઈ હયાતી નથી એ તો પ્રેમ, વિશ્વાસ અને ઈશ્વર પ્રત્યેની આસ્થાની ગેરહાજરી છે.

જેને ઈશ્વર પ્રત્યે આસ્થા અને શ્રધ્ધા નથી તેને જ સેતાનનો અનુભવ થાય છે.

આ વિદ્યાર્થીનું નામ હતું...

સ્વામી વિવેકાનંદ.

**- સંવેદનાના ઝરણાઓ**

# હિંડોળા ખાટ

| ગઝલ | | ગઝલકાર | |
|---|---|---|---|
| (૧) | ઝુકાવી છે ગરદન બધી ડાળીઓએ<br>ફુલોની ય નીચી નજર થૈ ગઈ છે. | (ક) | શેખાદમ આબુવાલા |
| (૨) | સૌ પથ્થરોના બોજ તો ઊંચકી લીધા અમે<br>અમને નમાવવા હો તો ફુલોનો ભાર દે | (ખ) | શૂન્ય પાલનપૂરી |
| (૩) | દરદ છે એટલે તો જિંદગીમાં જાન બાકી છે<br>પ્રણય છે એટલે સૌ રૂપનું સન્માન રાખે છે | (ગ) | ચિનુ મોદી |
| (૪) | હવામાં તારી હવા છે છતાં નથી મળવું<br>દરદની તું જ દવા છે છતાં નથી મળવું | (ઘ) | આદિલ મન્સૂરી |
| (૫) | 'મેહુલ' તો વિસ્તર્યો છે ધરા થી ગગન સુધી<br>ઓઢાડશો એને આ કફન ક્યાંથી ક્યાં સુધી | (ચ) | ગની દહીંવાલા |
| (૬) | જીતતાં જીતાઈ ગૈ બાજી બધી<br>એક આ દિલની લડત મોંઘી પડી. | (છ) | હરીન્દ્ર દવે |
| (૭) | જિંદગી છે એક રેખા, મોતની રેખા બીજી<br>બે સમાંતર છે, છતાં બન્ને મળી કાં જાય છે ? | (જ) | મનોજ ખંડેરિયા |
| (૮) | તારી જુલ્ફોમાં ટાંકી દઉં તારલા<br>પણ, તું આવે સવારે, તો હું શું કરું ? | (ઝ) | મરીઝ |
| (૯) | કોઈ મોરપીંછાને મૂગું કરી દો<br>હવે મુજથી એકે ન સચવાય ટહૂકો | (ટ) | સુરેન ઠાકર |

**જવાબ :** (૧) - ચ, (૨) - ઝ, (૩) - ખ, (૪) - છ, (૫) - ટ, (૬) - ક, (૭) - ગ, (૮) - ઘ, (૯) - જ.

---

## યોગ્ય શબ્દ મૂકી પંક્તિ પૂર્ણ કરો.

**(ઘેરૈયા, સૂરજ, રસિકડાં, કામણ, રસોઈ, નવલખ, આંખડી, મોહી, લવંગ, મધુર)**

(૧) પગલામાં ________ તારાની ભાત ને સંધ્યાના રંગ બે'ક માંડજો જી રે. – **સુંદરમ્**

(૨) સાહ્યબો મારા ગુલાબનો છોડ, વેલી હું તો ________ ની. – **રઘુનાથ બ્રહ્મભટ્ટ**

(૩) માડી ! તારું કંકુ ખર્યું ને ________ ઊગ્યો, જગ માથે જાણે પ્રભુતાએ પગ મૂક્યો. – **અવિનાશ વ્યાસ**

(૪) ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા, અંતરની ________ લ્હોવી જરી. – **ઉમાશંકર જોશી**

(૫) નવ કરશો કોઈ શોક ________ નવ કરશો કોઈ શોક, યશાશક્તિ રસપાન કરાવ્યું, સેવા કીધી બનતી. – **નર્મદ**

(૬) આ વાડીનાં ________ ફળને ચાખવાને ફરીને, રે રે ' કિન્તુ ફરી કદી હવે પાસ મ્હારી ન આવે. – **કલાપી**

(૭) આજે છે રંગ રંગ હોળી, નવાઈલાલ ! આવી ________ ની ટોળી, નવાઈલાલ. – **વેણીભાઈ પુરોહિત**

(૮) મારા તે ઘરમાં નણંદબા એવાં, નાચતા જાય, કૂદતા જાય, રાધી ________ ચાખતાં જાય – **લોકગીત**

(૯) કૂવો ભરીને અમે એટલું રડયાં. કે ખોબો ભરીને અમે ________ પડયાં. – **જગદીશ જોષી**

(૧૦) કાજળભર્યાં નયનનાં ________ મને ગમે છે, કારણ નહીં જ આપું, કારણ મને ગમે છે. – **અમૃત 'ઘાયલ'**

**જવાબ :** (૧) નવલખ (૨) લવંગ (૩) સૂરજ (૪) આંખડી (૫) રસિકડાં (૬) મધુર (૭) ઘેરૈયા (૮) રસોઈ (૯) મોહી (૧૦) કામણ

# SHRI VADASINOR GOKULESH SAMAJ

C/O, Shree Balasinor Pragati Samaj, 45/49, Babu Genu Road, off: Kalbadevi, Mumbai-400 002

DT: 29th January ' 2021

## NOTICE OF 24th ANNUAL GENERAL MEETING

TO ALL MEMBERS

Notice is hereby given that 24th Annual General Meeting of the Members of Shri Vadasinor Gokulesh Samaj will be held on Tuesday 9th day of March 2021, at 5.00 p.m at Smt. Subhadraben Navinchandra Shah (Kolkattawala) meeting Hall, C/O Pragati Samaj office, 45/49, Babu Genu Road, Kalbadevi, Mumbai-400 002, to transact the business as contained in the Agenda.

President Shri Navnitlal Chandulal Parikh (Sarkar) will preside over the Chair.

## AGENDA

1. To receive and adopt the Minutes of 23rd Annual General Meeting held on 31st day of July 2019 and to pass the Resolution thereof.
2. To receive and adopt the annual report for the working of the Samaj for the year 2019-2020 and to pass the necessary Resolution thereof.
3. To present and adopt the Audited Income & Expense account along with Balance Sheet and Auditor's report of the Samaj for the accounting year ended on 31st day of March 2020 and to pass the necessary Resolution thereof.
4. To appoint Auditor and to fix his remuneration for the accounting year 2020-2021 and to pass the necessary Resolution
5. To appoint all 31 members of Shree Vadasinor Gokulesh Samaj for the period of three years 2020-2023, as the present Managing committee has completed its tenure of three years.
6. Any other matter with the permission of the Chair.

## NOTES

1. If the meeting is adjourned for the want of quorum, the adjourn meeting will be held after half an hour at the same venue and same date, irrespective of quorum, to transact the business contained in the Agenda.
2. Members have the right to information pertaining to the accounts and or other information related to the Samaj, subject to their written queries to the Hon. Secretary on or before 2nd March 2021.

For & on behalf of Shri Vadasinor Gokulesh Samaj

**Shri Jasmine B. Sheth** **Shri Kirti H. Kadakia** **Shri Bipin K. Doshi**

**Hon. Secretaries**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં માહે ડીસેમ્બર ૨૦૨૦ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, આંખ, માનસિક, સોનોગ્રાફી મોબાઈલ તેમજ ઈમરજન્સીમાં કુલ ૩૭૧૦ દર્દીઓએ, એક્ષ રે વિભાગમાં ૨૩૪ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૯૫૮ દર્દીઓએ લાભ લીધેલ છે. મેજર ઓપરેશન ૧૪૨ તથા માઈનોર ૨૬ ઓપરેશનો કરવામાં આવેલ છે. તેમજ દવાની રૂા. ૪૫૮૨૦૫/- ની માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૩૦૧૭૮૦/- ની માફી કરવામાં આવેલ છે.

કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટરમાં માહે ડીસેમ્બર ૨૦૨૦ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈએનટી, ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી તેમજ ગેસ્ટ્રોલોજી તેમજ ફીજીયોથેરાપીના મળી કુલ ૧૩૩૯ દર્દીઓએ તથા એક્ષ રે વિભાગમાં ૧૮૭ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં ૪૯૦ દર્દીઓએ લાભ લીધેલ છે. તેમજ રૂા. ૨૦૮૩૧/- ની દવા માફી તેમજ લેબોરેટરીમાં રૂા. ૧૩૦/- ની માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૧૦,૦૦૦/- ની માફી કરવામાં આવેલ છે.

હોસ્પિટલમાં નીચે મુજબ કેમ્પો યોજવામાં આવેલ.

- શ્રી કોકીલાબેન જયંતિલાલ કડકીઆ (વલ્લભઘેલા) બ્લડ ડોનેશન કેમ્પ : તા. ૧૦-૧૧-૨૦૨૦ના રોજ હેલ્પીંગ હેન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ તથા કે.એમ.જી. જનરલ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલ. કુલ ૫૦ બ્લડ બોટલ એકત્ર કરવામાં આવેલ. તેમજ બીજો બ્લડ ડોનેશન કેમ્પ તા. ૨૩.૧૧.૨૦૨૦ના રોજ સાંઈબાબા મંદીર ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી મુકુંદભાઈ શાહના સહયોગથી યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૩૨ બ્લડ બોટલ એકત્ર કરવામાં આવેલ.
- શ્રીમતી કલાવતીબેન અને કાંતિલાલ મહેતા સ્ત્રી રોગ નિદાન કેમ્પ : તા. ૨૮, ૨૯ ડીસેમ્બર ૨૦૨૦ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૯૪ દર્દીઓનું ફ્રી નિદાન ગાયનેક ડૉ. દિવ્યેશ ઠક્કર દ્વારા કરવામાં આવલે. કુલ ૧૦ દર્દીઓના ઓપરેશનો વિના મુલ્યે કરવામાં આવેલ છે. જેમાં ઓપરેશન ચાર્જીસમાં રૂા. ૪૦,૦૦૦/- ની માફી કરવામાં આવેલ છે.
- હાડકાના રોગોનો નિદાન કેમ્પ : તા. ૨૧.૧.૨૦૨૧ના રોજ યોજવામાં આવેલ આ કેમ્પમાં એમ.એસ. ઓર્થો ડૉ. નૈતિક પંચાલએ સેવાઓ આપેલ. કુલ ૪૫ દર્દીઓના વિનામુલ્યે નિદાન કરવામાં આવેલ. જરૂરીયાતવાળા દર્દીઓના એક્ષ રે રાહત દરથી કરવામાં આવેલ.
- છારીનો કેમ્પ : હોસ્પિટલમાં તા. ૧૮-૧૨-૨૦૨૦ના રોજ છારીનો કેમ્પ યોજવામાં આવેલ. તેમાં કુલ ૨૯ દર્દીઓની આંખમાંથી છારી રાહત દરે છારી કાઢવામાં આવેલ. તેમજ તા. ૨૨-૧-૨૦૨૧ના રોજ કુલ ૩૧ દર્દીઓની આંખમાંથી રાહતદરે છારી કાઢવામાં આવેલ..

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને એ.એન.એમ. નર્સીંગ કોર્ષ તથા બી.એસ.સી. નર્સીંગ કોલેજની ગુજરાત નર્સીંગ કાઉન્સીલ તરફથી માન્યતા મળી ગયેલ છે. આ બન્ને કોર્ષ માહે જાન્યુઆરી-૨૦૨૧ થી ચાલુ થઈ ગયેલ છે.

આ માટે નીચે મુજબની લેબોરેટરીના નામકરણ માટે દાતાશ્રીઓને અપીલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | પ્રી-ક્લીનીકલ સાયન્સ લેબ. (એનાટોમી તથા ફીજીયોલોજી) | રૂા. ૧૫ લાખ |
| ૨. | એવી.-એઈડ લેબ. | રૂા. ૦૫ લાખ |
| ૩. | એડવાન્સ સ્કીલ નર્સીંગ લેબ. | રૂા. ૧૫ લાખ |
| ૪. | નર્સીંગ ફાઉન્ડેશન લેબ. | રૂા. ૧૦ લાખ |
| ૫. | એમસીએચ એન્ડ પીડીયાટ્રીક લેબ. | રૂા. ૧૦ લાખ |
| ૬. | ન્યુટ્રીશનય લેબ. | રૂા. ૦૫ લાખ |
| ૭. | કોમ્પ્યુટર લેબ. | રૂા. ૧૦ લાખ |
| ૮. | લાઈબ્રેરી | રૂા. ૦૫ લાખ |

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં વધુ નોંધાયેલ દાન**

**૧. એક અનામી દાતા ૪૫ મિતી**

**રૂા. ૫,૦૦,૦૦૦/-**

આ મિતી યોજનામાં કુલ ૫૫૫ મિતી નોંધાયેલ છે.

ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં રૂા. ૧૧,૦૦૦/- નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા માટે વિનંતી.

**શ્રી નિતીન પરીખ / શ્રી પરેશ પરીખ - માનદ્ મંત્રીશ્રીઓ**

## ઈચ્છા, આંકાક્ષા, અપેક્ષા-મનની મુરાદ

✍ રાજેશ કડકીઆ

આપણને સહુને આ માનવ દેહરૂપે આ ધરતી પર અવતરવાની એક અમૂલ્ય તક ઈશ્વર તરફથી પ્રાપ્ત થઈ છે. આપણને સહુને દિલો-દિમાગ સાથે ઈશ્વરે તર્ક કરવાની વિચારવાની અમૂલ્ય ભેટ પણ આપી છે. ઈચ્છાનું ઉદ્‌ગમ સ્થાન આપણાં સહુના મન-મસ્તીષ્ક-મગજ સાથે ઉંડો સંબંધ ધરાવે છે. મનોમન વિચારતા જ મનમાં અમૂક પ્રકારની ઈચ્છા-આકાંક્ષા-અપેક્ષાની ઉદ્‌ભાવના થાય છે. અપેક્ષા એક એવી અગત્યની વસ્તુ છે કે જેની પૂર્ણાહતી ન થતાં આપણને ખૂબ જ દુઃખની લાગણી ઉદ્‌ભવે છે.


આપણે અગર જીવનમાં સુખી થવું હોય તો આપણાં સ્નેહીજનો, પરિવારજનો કે મિત્રો પાસેથી કશીપણ વસ્તુની કોઈપણ પ્રકારની અપેક્ષા ન રાખવી. ક્યારેક આપણી અપેક્ષા ન સંતોષાય તો આપણને પારવાર દુઃખ થાય છે અને જીવવું વસમું લાગે છે. જીવનમાં કશુંક છોડવાની સદૈવ ભાવના રાખવી તે ખૂબ જ ઉત્કૃષ્ટ વાત છે. સદાય હસતા-હળવા રહેવું, વાદવિવાદમાં ન ઉતરતાં બધાંયને હંમેશા ક્ષમા-માફી આપવાની લાગણી રાખવી અત્યંત જરૂરી છે. હંમેશા આપણી ધારણા આશા મુજબ જ બધું થાય તે જરૂરી નથી જ.

દરેક વસ્તુને સકારાત્મકતા પૂર્વક સ્વીકારવી રહી. બહુ ઓછું જરૂર પૂરતું જ બોલવું. દરેકની વાત ખૂબ જ શાંતિપૂર્વક સાંભળવી તથા જરૂર લાગે તો જ બે બોલ સલાહનાં કહેવા વરના ઈશ્વર ઈચ્છા બલિયસિ છે. હંમેશા આપણાથી નાની કે મોટી દરેક વ્યક્તિને માનાર્થે બોલાવો.

**Give Respect Get Respect.**

**તૂંડે તૂંડે મતિભિન્ના....**

**- સંકલન**



## તારી આંખનો અફીણી

**- વેણીભાઈ પુરોહિત**

તારી આંખનો અફીણી, તારા બોલનો બંધાણી (૨)
તારા રૂપની પૂનમનો પાગલ એકલો હે (૨)
આજ પીઉં દરશનનું અમૃત, કાલ કસુંબલ કાવો (૨)
તાલ પુરાવે દિલની ધડકન, પ્રીત બજાવે પાવો....
તારી મસ્તીનો મતવાલો આશક એકલો...
હે તારા રૂપની... તારી આંખનો...
પાંખોની પરખે પરબડી આંખો જુએ પીયાવો
અદલ બદલ તનમનની મૌસમ ચાતકનો ચકરાવો
તારા રંગ નગરનો રસિયો નાગર એકલો...
હે તારા રૂપની... તારી આંખનો...
રૂપ જાય આગળથી પાછળ, જાય જુવાની બીતી,
પ્રીતવાવડી સદા છલકતી, જાય જિન્દગી પીતી,
તારાં હસમુખડાં ઝીલું છું ઘાયલ એકલો,
ઠરી ગયા કામણના દીપક, નવાં નૂરનો નાતો,
ઝલક ગઈ મન પામરતાની, નવી આરતી ગાતો,
તારી પાનને પગરસ્તે ચાલું એકલો

## પાંદડું લીલું ને રંગ રાતો

**(રાગ : ભૈરવી)** **- અવિનાશ વ્યાસ**



પાંદડું લીલું ને રંગ રાતો, (૨)
મારી મેંદીનો રંગ મદમાતો
ભૂલી રે પડી હું તો રંગના બજારમાં
લાગ્યો મને રંગ કેરો છાંટો. પાંદડું
રેશમની કાયા તારી જાણે લજામણી,
લટકંતી લટ તો જાણે ભૂલ રે ભુલામણી
રૂપને ઘેરીને બેઠો ઘૂંઘટનો છેડલો.....
વાયરાની લ્હેરમાં લ્હેરાતો.. પાંદડું
રંગરસિયા જરા આટલેથી અટકો,
દિલની લોભાવે તારા લોચનનો લટકો;
વારી વારી થાકી તોયે છેલ રે છબીલા
તું તો અણજાણે આંખમાં છુપાતો. પાંદડું
છૂપી છૂપી કોણે મારું દિલડું દઝાડયું ?
છૂપી છૂપી કોણે મને ઘેલું રે લગાડ્યું ?
ક્યાં રે છુપાવું મારા દાઝેલા દિલને ?
હાય ! કાળજાની કોરે વાગ્યો કાંટો. પાંદડું

# બાલાસિનોર વિદ્યા મંડળ

ગુરુવાર, ૨૧ જાન્યુઆરી ૨૦૨૧

## સામાન્ય સભાની નોટીસ

સુજ્ઞ મહાશય,

બાલાસિનોર વિદ્યામંડળની ૫૩મી વાર્ષિક સામાન્ય સભા નીચે જણાવેલ તારીખ, સમય અને સ્થળે મળશે. જેની દરેક સભાસદ મિત્રોએ નોંધ લેવી વિનંતી.

**સામાન્ય સભાની તારીખ :**

**શુક્રવાર, ૫ મી માર્ચ ૨૦૨૧.**

**સામાન્ય સભાનો સમય : સાંજના ૪.૦૦ કલાકે.**

**સભાનું સ્થળ :** સી. એન્ડ એસ. એચ. દેસાઈ આર્ટસ એન્ડ એલ. કે.એલ. દોશી કોમર્સ કોલેજ, બાલાસિનોર

**સંગીતા કિરણ દોશી વ્યાખ્યાન માળા**

કોરોના મહામારીને કારણે આ વર્ષે બાલાસિનોર વિદ્યામંડળ સંચાલિત સંગીતા કિરણ દોશી આયોજીત વ્યાખ્યાન માળા મણકો ૪૧ નો સમારંભ મુલતવી રાખવામાં આવ્યો છે. જેની સર્વે શ્રોતાગણોએ નોંધ લેવા વિનંતી.

**લિ. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી.**

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

## અનન્ય દાન

લવ, મિનાક્ષી મોહિત મહેતા (કલકત્તાવાળા)
તરફથી સમાજને
**રૂા. ૧,૦૦,૦૦૦/-** નું દાન પ્રાપ્ત થયુ છે.
પ્રેરણાદાયી દાન બદલ
સમાજ આભારની લાગણી વ્યક્ત કરે છે

# પ્રકીર્ણ વિભાગ

## તેજસ્વી તારલા

- **અક્ષિત ધર્મેશ શાહ** B.E. Electrical Engineer માં ઉત્તીર્ણ થયા છે.
- **નિયતી નિમિષ પરીખ** (કલાઈવાળા) C.A. Final માં ઉત્તીર્ણ થયા છે.
- **હર્ષ હિતેશ પરીખ** C.A. Final માં ઉત્તીર્ણ થયા છે.
- **નિયતી આનંદ શ્રોફ** C.S. (Company Secretary) અને LL.B. Exam ની પરીક્ષા ૨૦૨૦ માં પાસ થયેલ છે.

સંસ્થા વતી સૌને અભિનંદન.

## નવા સરનામા

**શ્રી પ્રશાંત વલ્લભદાસ દેસાઈ**
૧૬૦૨, ઈલાઈટ ક્રીસ્ટ, ૧૬ મે માળે
જીવજી દાદાજી માર્ગ
તારદેવ, મુંબઈ - ૪૦૦૦૦૭

## નવા ફોન નંબર

**જગદીશ શાંતીલાલ પરીખ (જુનાગઢવાળા)**
ઘર : ૦૨૨-૪૯૬૨૯૪૮૯

## મૃત્યુ નોંધ


| | વર્ષ |
|---|---|
| ✤ દિલીપ ઓચ્છવલાલ મોદી | ૭૧ |
| ✤ પ્રવીણચંદ્ર સારલાલ દોશી | ૯૧ |
| ✤ મંજુલાબેન મંગલદાસ ધારીઆ (માટલી) | ૯૦ |
| ✤ મંગલદાસ ઓચ્છવલાલ મોદી | ૮૧ |
| ✤ પ્રમીલાબેન ઘનશ્યામભાઈ શાહ | ૮૧ |
| ✤ ઈન્દિરાબેન પ્રવિણચંદ્ર પરીખ (હૈદ્રાબાદવાળા) | ૮૨ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

Authorised Distributors

# POLYCAB
WIRES & CABLES





- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA +91 9769025153**

## PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

Publishing day 20th of every month

WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month



ANUKOOL selections

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH RASESH PAREKH

Anukool Selections, 542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.
Contact: 2361 2848 - 2369 4166, E: anukoolselections@gmail.com,
www.anukoolselections.com

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh
& Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.